કિંમત ₹ ૫

# શ્રી સ્વામિનારાયણ માસિક

પ્રકાશન દર માસની ૧૧ તારીખે ● સળંગ અંક : ૧૩૧ ● માર્ચ,૨૦૧૮



## શ્રીનરનારાયણદેવનો ૧૯૭મો પાટોત્સવ

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧













શ્રી નરનારાયણદેવના ૧૯૬માં પાટોત્સવ પ્રસંગે શ્રી હરિના ત્રણેય અપર સ્વરૂપના હસ્તે અભિષેક તથા અન્નકૂટ આરતીના દર્શન, સભામાં કથા પારાયણ કરતા વક્તા શા.સ્વામી નિર્ગુણદાસજી, સભામાં આશીર્વચન પાઠવતા પ.પૂ.મોટા મહારાજશ્રી તથા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, પારાયણ અને પાટોત્સવના યજમાનોનું સન્માન, તથા આપણા મંદિર દ્વારા અનાથ બાળકો માટેના સ્થાન સમી ''આંગન'' નું ખાત મૂર્હુત કરતા પ.પૂ.શ્રી રાજા, અને સભામાં ઉદ્‌બોધન કરતાં મહંત સ્વામી હરિકૃષ્ણદાસજી તથા પાટોત્સવના ઉપલક્ષમાં બ્લડ ડોનેશન કેમ્પમાં રક્ત દાન કરતા હરિભક્તો.



# શ્રી સ્વામિનારાયણ


શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૧૧ ● અંક : ૧૩૧

માર્ચ-૨૦૧૮

(મૂળ વર્ષ ૪૯)





**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
**www.swaminarayanmuseum.com**
**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
**Mo. : 9099098969**
**www.swaminarayan.info**
**www.swaminarayan.in**

એડ્રેસમાં ફેરફાર કરવા
**E-mail : manishnvora@yahoo.co.in**

**લવાજમ** - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | રામદુવારે તુમ રખવા રે | ૦૬ |
| ૦૪. | શ્રી ઘનશ્યામનો જય | ૦૮ |
| ૦૫. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના મુખેથી આશીર્વચન | ૧૦ |
| ૦૬. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ - શું છે એમાં ? | ૧૨ |
| ૦૭. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૩ |
| ૦૮. | સત્સંગ બાલવાટિકા | ૧૫ |
| ૦૯. | ભક્તિ સુધા | ૧૭ |
| ૧૦. | પ્રશ્નપેટી | ૨૬ |
| ૧૧. | સત્સંગ સમાચાર | ૨૭ |


# અસ્મદીયમ્

**માટે મોટા પુરુષની બાંધેલ જે મર્યાદા તેને લોપીને કોઈ સુખી થતો નથી. માટે જેટલા ત્યાગી છે તેને તો ત્યાગીના ધર્મ પ્રમાણે વર્તવુ અને જેટલા ગૃહસ્થ હરિભક્ત છે તેમને ગૃહસ્થના ધર્મ પ્રમાણે વર્તવુ અને જેટલી બાઈઓ હરિભક્ત છે તેને બાઈઓના ધર્મ પ્રમાણે વર્તવું. અને જો તે થકી ઓછું વર્તે તો પણ સુખ ન થાય અને જો તે થકી અધિક વર્તે તો પણ સુખ ન થાય. શા માટે જે, પરમેશ્વરના કહેલ જે ધર્મ તે પ્રમાણે જે ગ્રંથમાં લખ્યું હોય તેમાં કોઈ રીતે બાધ આવે એવું ન હોય ને સુખે મળે એવું હોય, ને તેથી ઓછું અધિક કરવા જાય, એ કરનારો જરૂર દુઃખી થાય. માટે સત્પુરૂષની આજ્ઞા પ્રમાણે જે રહે છે તે જ રૂડા દેશકાળાદિક ને વિષે રહ્યો છે. (ગ.મ.પ્ર. ૫૧)**

સર્વોપરી સર્વાવતારી ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાને ઉપરોક્ત વચનામૃતમાં અદ્ભુત વાત કરી છે. આપણે સતત તેનું અનુસંધાન રાખવું. તે પ્રમાણે આપણે વર્તીશું તો આપણને લેશ માત્ર દુઃખ નહીં આવે. પણ તેથી બહાર વર્તશું તો દુઃખ અને દુઃખ જ છે. સાધુને સાધુના ધર્મ પ્રમાણે, ગૃહસ્થને તેમના ધર્મ પ્રમાણે અને બાઈઓ હરિભક્તને તેમના ધર્મ પ્રમાણે વર્તવું. મહારાજે જેમ કીધું છે આજ્ઞા કરી છે તેમજ વર્તવું.


પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે આ છેલ્લા ૩ માસમાં ઘણાજ હરિમંદિરો અને શિખર બધ્ધ મંદિરોમાં મૂર્તિ પ્રતિષ્ઠા, શિલાન્યાસ વિધિ થયા. સંપ્રદાયમાં સાવ નવાજ ગામોમાં હરિમંદિરો થતા અનેક નવા મુમુક્ષુઓ થયા છે. જે, શ્રી નરનારાયણદેવ પીઠસ્થાનનું અતિ ગૌરવ છે. આપણા સંતો અને હરિભક્તો પણ ખૂબજ પરિશ્રમ કરીને સત્સંગની સુંદર પ્રવૃત્તિ કરી રહ્યા છે.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ



# પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(ફેબ્રુઆરી-૨૦૧૮)



૬ અમેરિકા ધર્મપ્રવાસથી અમદાવાદ આગમન

૭ શ્રી સ્વામિનારાયણ મંદિર ટાંકીયા નૂતન મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ.

૮ શ્રી સ્વામિનારાયણ મંદિર (શિખરબધ્ધ) સાપાવાડા સર્વોપરી શ્રી ઘનશ્યામ મહારાજની પ્રાણ પ્રતિષ્ઠા પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ.

૯ ધરમપુર (ભુંડીયા) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પોતાના વરદ્ હસ્ત સંપન્ન થઈ.

૧૦ શ્રી સ્વામિનારાયણ મંદિર મોયદ (પ્રાંતિજ) મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ.

૧૨ શ્રી સ્વામિનારાયણ મંદિર લુણાવાડા પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૫ શ્રી સ્વામિનારાયણ મંદિર લાલોડા (ઈડર દેશ) શ્રી હનુમાનજી મહારાજના સુવર્ણ જયંતી પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૬-૧૭ શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ (કચ્છ) પધરામણી.

૧૮ અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિર પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવના ૧૯૬ માં પાટોત્સવ પ્રસંગે ષોડશોપચાર મહાભિષેક પોતાના વરદ્ હસ્તે વિધિવત રીતે સંપન્ન થયો.

૧૯ શ્રી સ્વામિનારાયણ મંદિર વસઈ (ટીંબા) મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ.

૨૦ સવારે શ્રી સ્વામિનારાયણ મંદિર મકાખાડ પોતાના વરદ્ હસ્તે મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા સંપન્ન થઈ. સાંજે કાંકરિયા શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ - શહેર ચોર્યાસી પ્રસંગે પધરામણી.

૨૧ શ્રી સ્વામિનારાયણ મંદિર કીડી (તા. હળવદ-મૂળી દેશ) મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ. સાંજે ભુજ-કચ્છ પધરામણી.

૨૨ શ્રી સ્વામિનારાયણ મંદિર ધાણેટી કચ્છ મૂર્તિ પ્રતિષ્ઠા પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ.

૨૩ શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ (બાપુનગર) પાટોત્સવ પ્રસંગે પધરામણી. ત્યાંથી સુઘડ (ગાંધીનગર) શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી.

## પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ



(ફેબ્રુઆરી-૨૦૧૮)

૪ શ્રી સ્વામિનારાયણ મંદિર ભાઉપુરા દશાબ્દી પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો ષોડશોપચાર અભિષેક અન્નકૂટ આરતી આદિ પ્રસંગો પોતાના વરદ્ હસ્તે સંપન્ન થયા. શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર અ.નિ. બ્ર.સ્વા. રાજેશ્વરાનંદજીની ગુણાનુંવાદ સભામાં પધાર્યા.

૧૮ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવના ૧૯૬ માં પાટોત્સવ પ્રસંગે ષોડશોપચાર મહાભિષેક પોતાના વરદ્ હસ્તે વિધિવત રીતે સંપન્ન થયો.

श्री स्वामिनारायण

# રામ દુવારે તુમ રખવારે

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)



આપણા મંદિરોની રચના સંપૂર્ણ વૈજ્ઞાનિક છે. મંદિરનો આકાર પરમાત્માના સ્થૂળ કલેવરના અંગ કે ઉપાંગનાના ભાગ કંડારવામાં આવે છે. મંદિરનો એક એક અંશ પરમાત્માના વિરાટ સ્વરૂપનો ભાગ હોવાથી પૂજ્યનીય - વંદનીય - દર્શનીય છે. જ્યારે મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવે છે ત્યારે જે તે અંગ તથા તે તે અંગના અધિષ્ઠાતા દેવ-દેવીઓને આવાહિત કરીને પ્રતિષ્ઠિત કરવાનો વિધિ કરવામાં આવે છે. પાયામાં સ્થાપન કરેલી કૂર્મશીલાથી માંડીને કળશ અને ધજા સુધીના બધાજ ભાગની ક્રમશઃ જે તે તત્વોની સ્થાપના કરવામાં આવે છે. એટલે જ્યારે કાળાન્તરે મરામતના સંયોગ ઉપસ્થિત થાય ત્યારે તેને તત્વોનું ચાલન કર્યા બાદ તેની જાળવણીની કામગીરી શરૂ કરી શકાય છે. મંદિરના પગથિયા - થાંભલીઓ, દ્વાર ને મંદિરમાં પ્રવેશતાં સ્પર્શ વંદન કરતા હોય છે. મંદિરનો નાનકડો ભાગ પણ મિથ્યા કારણ હિન નથી.

તેમાં મુખ્યતઃ મંદિરમાં પ્રવેશ કરતાં જ સર્વ પ્રથમ પગથિયાની બન્ને બાજુ હનુમાનજી અને ગણપતિજીની દેરીયો, મૂર્તિયોનાં દર્શન થાય છે. બન્ને દેવ મંદિરનાં સંરક્ષક પ્રધાન સ્વરુપ છે. હનુમાનજી જગજનની જાનકી સીતાજીના વચનથી ભગવાનના મંદિરના દ્વાર પર રહીને રખોપું કરવા બંધાયેલા છે. તથા ગણપતિજી ‘‘મા’’ પાર્વતીજી ના વચનથી ભગવાનના દ્વારે ઉભા રહ્યાં છે.

સંત તુલસીદાસજીએ હનુમાન ચાલીસાની રચનામાં કહ્યું છે કે ‘‘રામ દુવારે તુમ રખવા રે હોત ન આજ્ઞા બિનુ પૈસા ર’’ એટલે હે કપિરાજ આપ ભગવાન રામના દ્વાર પર રહીને રખવાળું કરો છો અને તમારી અનુમતિ વિના મંદિરમાં કોઈ પ્રવેશ કરી શકતા નથી.

રામાયણમાં એક ઈતિહાસ લખાયેલો છે કે ભગવાન રામ અયોધ્યા પધાર્યા અને રાજ્યાભિષેક થયો પછી સીતાજી મેળવવામાં મદદ કરનાર સેવા કરનારાઓનું યોગ્ય સન્માન કરી વિદાય આપી અને કેટલાકને સેવામાં રાખ્યા. રામ દરબારની બધીજ સેવાઓની વહેંચણી પૂર્ણ થયા બાદ હનુમાનજી મૌન બેસી રહ્યાં હતા. ત્યારે સીતાજીએ કહ્યું હે હનુમાન ! સેવાઓ તો બધીજ અર્પણ થઈ ચૂકી છે તો તને એક અખંડ અદ્‌ભુત સેવા આપુ છું. ‘‘રામદરબાર’’ ના દ્વાર પર રહી જેને અમારી અનુમતિ હોય, જે અમારા હોય તેવાઓને અમારી અનુમતિ લઈને અંદર પ્રવેશ આપવો. તથા ભગવાન રામ જ્યાં બિરાજમાન થાય ત્યાં ત્યાં પહોંચી જવું અને મળવા દર્શન કરવા આવવા વાળાને મંજૂરી વિના પ્રવેશ આપવો નહિ એ ઉત્તમ્ શ્રેષ્ઠ સેવા તને આપું છું. મા સીતાજીની આજ્ઞાથી ભગવાન રામ અથવા ભગવાનના જ્યાં મંદિરો થાય ત્યાં મૂર્તિ-સ્વરૂપમાં બિરાજમાન થાય ત્યાં ત્યાં પ્રવેશ દ્વાર પર હનુમાનજી અંશ રૂપે પ્રગટ ઉપસ્થિત રહે છે. એટલે આપણા મંદિરોની રચના શાસ્ત્રોમાં પ્રવેશ દ્વાર પાસે સંરક્ષક તરીકે હનુમાનજીની મૂર્તિ પધરાવવામાં આવે છે. તે પ્રમાણે ગણપતિજીની પણ એવી જ કંઈ કથા છે. કૈલાશમાં ભગવાન શિવ સદાય ધ્યાનસ્થ અવસ્થામાં અથવા કથા કીર્તન શ્રવણની અવસ્થામાં રહે છે. સતી પાર્વતી પ્રકૃતિ માયાના બીજા સ્વરૂપે જગતમાં વ્યાપક રહે એટલે ભક્તોનાં કાર્ય કરવા, દુઃખ હરવા બીજા સ્વરૂપે વારંવાર જવા-આવવાનું રહેતું. તે સમયે ભગવાન શિવની ધ્યાન અવસ્થામાં વિઘ્ન ન આવે તે માટે પાર્વતીજીએ દ્વાર પર ગણેશને બેસાડીને વચન આપ્યું કે તું તારા પિતા માતાની રક્ષા કરવા દ્વારપર રહેજે. પાર્વતીએ તો સમયોચિત વચન કહ્યું હતું પણ ગણેશજી રિધ્ધિ સિધ્ધિના પતિ થયા તેમજ જગતની અનેક જવાબદારીના વહન કરતા બન્યા તેમજ સમસ્ત ગણોના અધિષ્ઠાતા બન્યા છતાં પણ માતૃ વચન સદા હિતકારી માનીને જ્યાં જ્યાં ભગવાન બિરાજમાન હોય ત્યાં

દ્વાર પર અંશ રૂપે રખવાળું કરે છે. અને તે રીતે મંદિરોની રચનામાં દ્વાર પર ગણેશને સંરક્ષક તરીકે હનુમાનજીની સાથે સ્થાન આપવામાં આવ્યું છે.

મંદિરમાં ભક્તોના આવા ગમન પર બન્ને દેવનું સંપૂર્ણ નિયંત્રણ છે. મંદિર પ્રવેશ અનુમતિને આધિન હોય છે. જે કોઈ વ્યક્તિ મંદિરમાં પ્રવેશ માટે મંદિર તરફ પ્રયાણ કરે ત્યારે જ બન્ને દેવ એટલે સાત્વિક લોકોને ગણેશજી અને તામસી લોકોને હનુમાનજી ભગવાન પાસેથી પ્રવેશ માટે પૂર્વ મંજૂરી મેળવતા હોય છે. શત પ્રતિ શત સત્ય છે કે, શ્રીજી મહારાજની મંજૂરી વિના કોઈ પણ વ્યક્તિ મંદિરમાં પ્રવેશને પાત્ર નથી. પગથિયા પાસે જ દેવો તેને અટકાવી દે છે. ભૌતિક રીતે જોઈએ તો સરલમાં કામ અને વધુને વધુ પ્રાપ્તિ મંદિરમાં દર્શનમાં રહી છે, તો પણ બહુ જ માણસો દર્શનથી વંચિત રહી જાય છે. વળી તેને વારંવાર પ્રેરિત કરવામાં આવે તો પણ તેનો તે કોઈ ફાયદો મેળવી શકતો નથી. કેમ કે તેને ભગવાનને બન્ને દેવોને પ્રવેશની આજ્ઞા મળી નથી. જ્યાં સુધી દર્શનને પાત્ર અધિકારી બન્યો નથી ત્યાં સુધી લાખ પ્રયત્ન કરવા છતાં મંદિરે આવી શકતો નથી. મંદિરના પ્રવેશ માટેની પરવાનગી ''વિઝા'' હનુમાનજી-ગણેશજી આપે છે એટલે ભગવાનના દર્શન કરતાં પહેલાં બન્ને દેવોનું આદર થકી દર્શન કરવું.

મૂર્તિ પ્રતિષ્ઠા વિધિના નિયમ મુજબ ભગવાનના સ્વરૂપમાં પ્રાણ પ્રતિષ્ઠા કરતાં પ્રથમ ગણેશ-હનુમાનજીની પ્રાણપ્રતિષ્ઠા કરવી જરૂરી છે. ત્યારબાદ બન્ને દેવો મંદિરના અન્ય ભાગોમાં પ્રતિષ્ઠા પાત્ર જે તે દેવોને બેસવાની અનુમતિ આપે છે. તેમાં વિષ્ણુ તત્વના દેવોને ગણેશજી અને રૂદ્ર તત્વના દેવોને હનુમાનજી અને શક્તિતત્વોની દેવીઓને પાર્વતીજી અભિમુખ સ્થાપન કરવા અગ્રેસર બને છે.

રાત્રીના શયન વિરામના સમયમાં ભગવાન સુખશૈયામાં શયન કરે છે તે સમયે ભગવાનની નિદ્રામાં વિધ્ન ન આવે તેની રક્ષા કરે છે. રાત્રીના પણ બન્ને દેવો જાગૃત રહે છે. એકવાર પોઢણીયું બોલ્યા બાદ મંદિર ખોલવું નહિ. તે મર્યાદાનો ભંગ કરનાર પર હનુમાન-ગણેશ કોપાયમાન થાય છે. પ્રાતઃકાળમાં ગરુડ ઘંટીનો નાદ કરીને દ્વાર ખોલવા.

જગતમાં સ્થૂળ દુનિયા કરતાં સુક્ષ્મ દુનિયાના ચૈતન્ય આત્માઓનું નિયમન કરવાનું વધુ અગત્યનું છે. કદાચ સ્થૂળ લોકોને ચોકીદાર વડે રોકી શકાય છે પણ સુક્ષ્મ આત્માઓ ગણેશ-હનુમાનજી વિના કોઈ વશ (અનુશાસન) કરી શકે તેમ નથી. તેવા આત્માઓની મંદિર પ્રવેશ માટે ભગવાનની આજ્ઞા વિના પ્રવેશ કરી શકતા નથી. તેને મુખ્ય દ્વારની બહાર જ રોકી દેવામાં આવે છે.

હિન્દુ ધર્મના મૂળ પરંપરાના મંદિરોના પ્રવેશ દ્વાર પર હનુમાનજી-ગણપતિજી હોય છે. તેમાં શિવ મંદિરમાં ધર્મરાજ નંદજી રખોપું કરે અને દેવીના મંદિરોમાં સિંહ રખોપું કરે છે.

મંદિરોમાં ગણપતિ-હનુમાનજીની મૂર્તિઓ બરાબર આમને સામને પધરાવવામાં આવે છે. બન્ને દેવોની દૃષ્ટિ મિલનની પરંપરા છે. કેમ કે હનુમાનજી રુદ્રાવતાર હોવાથી અગ્નિ તત્વ પ્રધાન અને ગણેશજી સત્વ તત્વ પ્રધાન એટલે અગ્નિ તત્વ સત્વમાં શાંત બની જાય છે. ગણેશ વિના મહાવીર હનુમાનના અગ્નિ કોઈ પચાવી શકે નહિ.

જ્યાં એકલા હનુમાનજીનું મંદિર હોય ત્યાં સન્મુખ તરફ ઘણા અંતર સુધી કોઈ વ્યક્તિ રહેણાંક કરી શકતો જોવા નહિ મળે.

મંદિરના પ્રવેશ દ્વાર પાસે બિરાજમાન હનુમાનજી-ગણેશજી પાસે ચંપલ ઉતારવા નહિ અને જતાં આવતાં બન્ને દેવોનો ઉપકાર માનવો. જે વ્યક્તિ બન્ને દેવોનો અનાદાર કરે છે તે થોડાજ દિવસોમાં મંદિરે આવતો બંધ થઈ જાય છે. તેમાં બાહ્ય કારણ ગમે તે માને પણ સાચું કારણ તો દેવોનો પ્રતિબંધ જાણવો.

નવા બનતા કેટલાક મંદિરોમાં ભગવાનના સિંહાસનની સાથે જ લાઈનમાં મંદિરની અંદર હનુમાનજી-ગણેશજીની મૂર્તિયો પધરાવતા જોવા મળે છે. તે શાસ્ત્રોક્ત પ્રમાણિત વ્યવસ્થા નથી. તેમાં ઈષ્ટદેવ અને રખોપાના દેવો રાજી થતા નથી. વળી મંદિરમાં મલીન તત્વો દેરા નાખીને રહેવા લાગે છે.

તેમજ જે હરિભક્તના ઘેર સંપ્રદાયના નિયમ પ્રમાણે મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા સેવા થતી હોય તેવા સત્સંગીના ઘરના દ્વાર પર હનુમાનજી અંશ રૂપે પ્રગટ ઉપસ્થિત રહે છે. એવા ઘણા પરચાઓમાં સંકટના સમયે કષ્ટભંજન દેવે પ્રગટ રહીને રક્ષા કરતા દર્શન થાય છે. આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ અને સદ્‌ગુરુવર્ય ગોપાળાનંદ સ્વામીના વચનથી સત્સંગીનું રખોપું કરવા કષ્ટભંજન દેવ બંધાયેલા છે.

**શ્રી સ્વામિનારાયણ**

# શ્રી ઘનશ્યામનો જય

- શાસ્ત્રી નિર્ગુણદાસ (અમદાવાદ)



मालवरागे रूपकताले गीयते ।

जय जय सुखदवरं कमलाननलोभं दर्शयमुनिवरवन्दितशौभं ।

माधवरूपमखिलविदित जय घनश्याम हरे जय घनश्याम हरे ॥१॥

जय जय कीर्तिधरं श्रितशान्तिसमुद्रम् ॥

दृष्टिचलितविधिहरिहररूद्रं । माधव..॥२॥

जय जय विजयकरं धतसुमनःसुहारम् ॥

निजचरणाश्रितविदलितमारम । माधव..॥३॥

जय जय सुमतिवरं निजजनहितभाजं ॥

रतिविलसितमुनिसदसिविराजं । माधव..॥४॥

जय जय जगदुदयं गजगतिकमनियम् ॥

कनकवसनभूषणरमणीयम् । माधव..॥५॥

जय जय मधुरवं रतिपतिमतिगम्यम् ॥

विविधविचित्रजगदेकरम्यम् । माधव..॥६॥

जय जय कुमतिहरं धृतनटवरवेशम् ॥

शुभदमुनिराजिकृतपरिवेषम् । माधव..॥७॥

जय जय सद यद्दशं अवतरणनिदानं ॥

ब्रह्ममुनिनित्यविरचितमानं । माधव..॥८॥

इति श्रीब्रह्मानंदमुनिवरचिताष्टपदी समाप्ता

સદ્‌ગુરુ શ્રી બ્રહ્માનંદ સ્વામીએ ગુજરાતી ભાષા અને વ્રજભાષામાં અસંખ્ય પદોની રચના કરી છે. અને સત્સંગમાં ખૂબજ પ્રસિદ્ધ પણ છે. પરંતુ તેઓશ્રી સંસ્કૃતભાષામાં પણ તેવા જ નિષ્ણાંત હતા. તેનો પરિચય આપણે તેઓશ્રીના આવા સંસ્કૃતમાં રચેલાં અષ્ટકોને સમજીએ તો જરૂર તેમની જે પ્રતિભા છે કે તેઓ શતાવધાની અને સહસ્રાવધાનીની પદવી મેળવી હતી તેની ઝાંખી થાય છે. ભગવાનની મૂર્તિનું વર્ણન કરવું અને તેમજ પોતાના ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની સુમધુર દિવ્ય લીલાચરિત્રોનું વર્ણન કરવામાં જ તેઓશ્રીને પરમાનંદ પ્રાપ્ત થાય છે. પરમાત્માની સુમધુર મૂર્તિમાં કેવી રીતે પોતાના મનને પરોવી દેવું તે આ અષ્ટકમાં આપેલ વર્ણનનું સ્મરણ કરે તો તે મૂર્તિ હૃદયમાં ઉતરી જાય એવી અદ્‌ભુત સંસ્કૃત રચનાના શબ્દોને સમજવાનો પ્રયત્ન કરીએ.

जय जय सुखदवरं कमलाननलोभं दर्शयमुनिवरवन्दितशौभं ।

माधवरूपमखिलविदित जय घनश्याम हरे जय घनश्याम हरे ॥१॥

હે મારા ઈષ્ટદેવ પ્રભુ ઘનશ્યામ તમારો સર્વત્ર જય જયકાર આ લોકમાં અને પરલોકમાં થાય છે. કમલા જે લક્ષ્મીજી તેમના મુખકમળથી પણ અધિક દિવ્ય શોભાએ યુક્ત સુંદર શોભી રહ્યું છે. જેના દર્શનનો લાભ મોટા મોટા મુનિઓ કે જેઓ પોતાના આત્મામાં જ અખંડ સુખ મેળવે છે. તેઓ પણ મહાન શ્રેષ્ઠ સુખ આપનાર તમારા અલૌકિક રૂપના દર્શનની ઈચ્છા રાખે છે તે સર્વ જગત જાણે છે. એવા હે માધવ શ્રીહરિ ઘનશ્યામ તમારો સર્વત્ર જય જયકાર થાય છે. (૧)

जय जय कीर्तिधरं श्रितशान्तिसमुद्रम् ॥

दृष्टिचलितविधिहरिहररूद्रं । माधव..॥२॥

હે પ્રભુ તમો એવી સમુદ્ર પર્યન્ત જગતમાં કીર્તિધારણ કરી રહ્યા છો કે જે કોઈ જીવ આશ્રય કરે છે તેના અન્તઃકરણમાં સદાને માટે શાશ્વત શાન્તિ વ્યાપી જાય છે. એટલા માટે જ તમારી કૃપા દૃષ્ટિ પ્રાપ્ત કરવા માટે મોટા મોટા

દેવો બ્રહ્મા શિવ અને વિષ્ણુ પણ ઉત્સુકતાપૂર્વક ચલાયમાન રહે છે. એવા હે ઘનશ્યામ પ્રભુ તમારો સર્વત્ર જય જયકાર થઈ રહ્યો છે. (૨)

जय जय विजयकरं धतसुमनःसुहारम् ॥

निजचरणाश्रितविदलितमारम । माधव..॥३॥

હે પ્રભુ તમારો જય જયકાર બોલવા વાળાને સર્વત્ર સર્વ કાર્યોમાં વિજય રૂપી સફળતા મનને પ્રસન્ન કરનારા સુગંધીદાર ફુલનો હાર માળા ધારણ કરવાનો અવસર મળે છે. તમારે શરણે આવેલા સૌ ભક્તોના વિચલિત કરનારા એવા કામ ક્રોધ આદિ અંતઃશત્રુઓને પરાજીત કરીને તેના ઉપર વિજય કરાવનારા છો. એવા હે ઘનશ્યામ પ્રભુ તમારો સર્વત્ર જય જયકાર થઈ રહ્યો છે. (૩)

जय जय सुमतिवरं निजजनहितभाजं ॥

रतिविलसितमुनिसदसिविराजं । माधव..॥४॥

હે પ્રભુ તમારો જય જયકાર બોલનારા ભક્તોને સાત્વિક શ્રેષ્ઠ સમજણપૂર્વકની બુદ્ધિમત્તા આપીને પોતાના ભક્તજનોનું સર્વપ્રકારનું હિત અર્થાત આત્યન્તિક મોક્ષ પ્રાપ્ત કરવારૂપ અક્ષરધામની પદવી આપનારા છો. કામાદિક મહાભયંકર અન્તઃશત્રુને જીતીને તમારા દિવ્ય સર્વોપરી સ્વરૂપનું જ ચિન્તવન કરતાં એવા મૌન વૃત્તધારી પરમહંસોની વિશાળ સભામાં સદા હાજરા હજુર પ્રગટ બિરાજો છો. એવા હે ઘનશ્યામ પ્રભુ તમારો સર્વત્ર જય જયકાર થઈ રહ્યો છે. (૪)

जय जय जगदुदयं गजगतिकमनियम् ॥

कनकवसनभूषणरमणीयम् । माधव..॥५॥

હે પ્રભુ તમારો જય જયકાર બોલાવનારાને આ જગતમાં પણ પોતાને જોઈતો સર્વપ્રકારનો ઉદય અર્થાત પ્રગતિ સુખસમૃદ્ધિ આપવા માટે જેમ કોઈ ગજરાજ હાથી દ્રઢતા પૂર્વકની ગતિએ ચાલે છે તેમ તેની કમાલની પ્રગતિ કરો છો. અને સુવર્ણના આભૂષણો સુંદર રમણિય મનગમતા વસ્ત્રો જેવા આપ ધારણ કરો છો તેવા તે ભક્તને પણ આપો છો. એવા હે ઘનશ્યામ પ્રભુ તમારો સર્વત્ર જય જયકાર થઈ રહ્યો છે. (૫)

जय जय मधुरवं रतिपतिमतिगम्यम् ॥

विविधविचित्रजगदेकरम्यम् । माधव..॥६॥

હે પ્રભુ મધુર કંઠે સંગીતના તાલે તમારા ગુણગાન ગાઈને જય જયકાર કરનારા ભક્તોને સાક્ષાત્ કામદેવને પણ ન મળે તેવા મધુરશ્વરની સાથે જગતમાં ક્યાંય જોવા ન મળે તેવા આ વિવિધ પ્રકારના રંગબેરંગી સુખદુઃખથી ભરાયેલાં વિચિત્ર અર્થાત્ માયાવી જગતમાં જેમ તમો જ એક મનને સુખ આપનારા છો તેમ તે ભક્તને પણ સુખ પ્રાપ્ત કરાવો છો. એવા હે ઘનશ્યામ પ્રભુ તમારો સર્વત્ર જય જયકાર થઈ રહ્યો છે. (૬)

जय जय कुमतिहरं धृतनटवरवेशम् ॥

शुभदमुनिराजिकृतपरिवेषम् । माधव..॥७॥

હે પ્રભુ તમારો જય જયકાર કરનારાના મનમાંથી પોતાને જ કષ્ટ આપનાર દુઃખી કરનાર જે અવળા નિર્ણયો કરાવનારી કુબુદ્ધિ તેને દૂર કરો છો. તે માટે જેમ કોઈ નટ એટલે કે કોઈ વેશ ભજવનારો અનેક રૂપોનો વેશ પહેરે છે તેમ તમો પણ આ પૃથ્વી ઉપર વિવિધ પ્રકારના રૂપ ધારણ કરીને અવતાર ધારણ કરીને પ્રગટ થાઓ છો. જગતને શુભ આશીર્વાદ આપનારા મુનિઓના મનને રાજી કરનારૂં રૂપ અને પહેરવેશ ધારણ કરો છો. એવા હે ઘનશ્યામ પ્રભુ તમારો સર્વત્ર જય જયકાર થઈ રહ્યો છે. (૭)

जय जय सद यद्दशं अवतरणनिदानं ॥

ब्रह्ममुनिनित्यविरचितमानं । माधव..॥८॥

હે પ્રભુ જય જયકાર કરતાં આ સત્ય સનાતન સાત્વિક બ્રહ્મ જ્ઞાની એવા સંતોને જે દેખાય છે આ તમારૂ રૂપ તે સાક્ષાત્ પ્રગટ પ્રમાણ તમોએ અવતાર ધારણ કરેલ છે. તે અવતાર ધારણ કરીને જે જે ચરિત્રો કર્યા છે. લીલાઓ કરી છે તેનું નિત્ય કાયમ દરરોજ બ્રહ્માનંદ મુનિ વિવિધ ભાષાઓમાં કવિતાઓ પદોની રચના કરે છે. અને તેનું સર્વ જગતમાં ગાન કરે છે. એવા હે ઘનશ્યામ પ્રભુ તમારો સર્વત્ર જય જયકાર થઈ રહ્યો છે. (૮)

## અમદાવાદ મંદિરમાં શ્રી નરનારાયણદેવના નવા પૂજારીની નિયુક્તિ

શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર અમદાવાદ સંપ્રદાયના સૌ પ્રથમ મહામંદિરમાં બિરાજમાન પરમકૃપાળુ ભરતખંડના રાજાધિરાજ શ્રી નરનારાયણાદિ દેવોના નવા પૂજારી બ્રહ્મચારી સંતોની નિયુક્તિ કરવામાં આવી છે. (૧) સ.ગુ. બ્રહ્મચારી સ્વામી અનંતાનંદજી (૨) સ.ગુ. બ્રહ્મચારી સ્વામી મુકુન્દાનંદજી (૩) સ.ગુ. બ્રહ્મચારી સ્વામી રામસ્વરૂપાનંદજી (૪) સ.ગુ. બ્રહ્મચારી સ્વામી ઘનશ્યામાનંદજી આ ચારેય બ્રહ્મચારી સંત અ.નિ. સ.ગુ. બ્રહ્મચારી સ્વામી રાજેશ્વરાનંદજીના શિષ્યો છે.

શ્રી સ્વામિનારાયણ

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના મુખેથી આશીર્વચન

- સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)



**સ.ગુ. ગોપાળાનંદ સ્વામી જન્મસ્થાન હવેલી ઉદ્‌ઘાટન પ્રસંગે, ટોરડા ધામ તા. ૨૧-૦૧-૨૦૧૮ :** આજે ઉત્સવનો પ્રારંભ થયો, આપણે જાણીએ છીએ તેમ **આપણો સંપ્રદાય છે તેની પાછળ ઈતિહાસ બહુ મોટો છે. ઘણી જગ્યાએ દંતકથાઓ બહુ મોટી હોય છે, ઈતિહાસ બનાવવો પડતો હોય છે. જ્યારે આપણી પાસે ઈતિહાસ Existing છે. આપણી પાસે પત્રો, નાની મોટી ઘણી વસ્તુઓ, જગ્યાઓ, સ્થાનો પ્રસાદીના છે. સૌ પ્રથમ મહારાજે બાથમાં લઈને પધરાવેલા એ નરનારાયણદેવ, એ મંદિર, ત્યાંથી શરૂ કરી મહારાજની જન્મભૂમિ છપૈયા ધામ અને ગોપાળાનંદ સ્વામીની જન્મભૂમિનું આ ટોરડા ધામ આપણી પાસે છે. આ કોઈ મંદિર નથી, સ્થાન નથી પરંતુ ધામ છે. આ હકીકત છે.** ધામની અંદર આપણે Compromise નથી કરતા. સમય પ્રમાણે જાત ભાતના અલક મલકના મંદિરો બનતા હશે પરંતુ આપણે જૂની પ્રણાલિકા ઢબ પ્રમાણે, સંપ્રદાયની આપણી પરંપરા પ્રમાણે કાર્ય કરીએ છીએ અને અહીં એ જ રીતથી કાર્ય થયું છે જેનો અમને ગર્વ છે. અમે હવેલીમાં મેડી ઉપર ગયા, અંતરમાં ટાઢક થઈ. જગ્યા મોટી નથી. જે જગ્યા છે તેના કરતા અહીં જે દાતાઓએ દાન કર્યું છે તેના મકાનની જગ્યા કે ગાર્ડન મોટા હશે. પરંતુ જેટલા બાય જેટલા માપની આ હવેલી છે તેમાં બેસીને કોઈ પાઠ કરે, ભગવાનનું ભજન કરે કે મહાપૂજા કરે તો એને અંતરમાં ટાઢકની અનુભૂતિ થાય. એક માળા કરે તેનું પણ જીવન સફળ થઈ જાય એવો આ સ્થાનનો મહિમા છે. આપણે ભાગ્યશાળી છીએ કે આપણા ભાગે આ પવિત્ર ભૂમિ આવી છે. આ ગર્વની વાત છે. દુનિયામાં આવું ક્યાંય નથી. આ ઈતિહાસ જાગૃત કરવામાં, તેને નાનામાં નાના હરિભક્તો સુધી પહોંચાડવામાં મહંત સ્વામી તથા નાના મોટા સહુ સંતોએ જે શ્રમ કર્યો છે, પુરુષાર્થ કર્યો છે તે ધન્યવાદને પાત્ર છે. આજથી ૧૫-૨૦ વર્ષ પહેલા અહીં રહેવું બહુ અઘરું હતું. કારણ કે કોઈ સુવિધા નહોતી. આજે બહુ સારું છે. સંતો પ્રેરણા કરતા ગયા અને આપ સૌ યોગદાન કરતા રહ્યા જેનાથી ધીરે ધીરે આજે આ સ્થાનોનો વિકાસ આપણે સૌ જોઈ રહ્યા છીએ. આજથી ૨૦-૨૫ વર્ષ પહેલા આ સ્થાને રોટલો મળે કે કેમ તેવી સ્થિતિ હતી. તેની સામે આજે અમે હમણાં જ જોઈને આવ્યા, મોહનથાળના ચકતાના ઢગ પડ્યા છે. તમારે પણ જમવાનો ટાઈમ તો થઈ જ ગયો છે ! સંતો-ભક્તો, ભાઈઓ-બહેનો તમામની મહેનત-પુરુષાર્થનું ફળ આજે આપણે જોઈ શકીએ છીએ.

**પ્રસાદીના આ બધા સ્થાનો કાયમ જળવાવા જોઈએ. તમે જાળવી રહ્યા છો તેનો અમને ગર્વ છે.** ભુજ મંદિરના વડીલ સંત સનાતન સ્વામી જેઓની ઉંમર ૧૦૦ વર્ષ છે, સંપ્રદાયમાં પણ જેઓ વડીલમાં વડીલ છે. તેઓ આજે પણ **ભારતમાં ખૂણે ખૂણે જે પ્રસાદીની જગ્યાઓ છે તે શોધી લાવીને છત્રીઓ બનાવે છે.** અમારો હાથ ઝાલીને અમને પણ તેવી જગ્યાઓ જોવા લઈ જાય છે. જૂના સંતને જૂની વસ્તુઓનો ખટકો હોય છે. તેની પાછળનું કારણ એ છે કે તેઓએ આ સંપ્રદાયને ઉભો તથા જોયો છે. વિકાસ થતા જોયો છે. અડધી રાત્રે આ સોફા નથી આવી ગયા કે આ ગાડીઓ નથી આવી. વડીલ સંતો અને મોટા બાપજી પાસેથી મેં સાંભળેલું છે કે આપણા આ જૂના મંદિરો અને સભા મંડપમાં કે જ્યાં કાષ્ઠના લાકડાના પિલ્લરો છે ત્યાં અગાઉના સમયે ઉત્સવ સમૈયા થતા એ સમયે આસોપાલવના તોરણો બંધાતા, હાલમાં લાઈટો થઈ છે, તો તોરણો બાંધવા માટે પણ જૂના સંતો પિલ્લરોમાં ખીલી

લગાવવા નહોતા દેતા, કહેતા કે અમને ખબર છે કે કેવી રીતે ઊભું થયું છે. માટે મહેરબાની કરીને ખીલી ન લગાવશો. **એટલે શ્રધ્ધા, વિશ્વાસ અને આસ્થારૂપી આપણા આ સંપ્રદાયની જે ઈમારત ઊભી થઈ છે તેના ઉપર કોઈ ખીલી ન મારી જાય તે માટે સાવધાની રાખવી.** જો કે તમને કોઈને આવી ખીલી વાગે તેમ છે જ નહિ એટલે તો દૂર દૂરથી તમારા મકાન અને દુકાન બંધ કરીને કોઈ ૧૫ દિવસથી તો કોઈ મહિનાથી અહીં આવ્યા છો ને આવીને વળી સેવા કરો છો. આ સરળ વાત તો છે જ નહિ. બધું મકીને અહીં સેવા કરવી એ બહુ મોટુ તપ છે. તમને દેવનો મહિમા છે. એટલે અહીં પહોંચી શક્યા છો. નહી તો વિકલ્પો ઘણા છે. આવા પવિત્ર સ્થાનમાં તન, મન, ધનથી જે તમે સેવા કરી રહ્યા છો તે તમારી સમજણ છે અને ખીલી લગાવા નથી દીધી તે સ્પષ્ટ થાય છે. **તમારી નિષ્ઠા જોઈને અમારુ હૈયું ટાઢક અનુભવે છે. ચોખ્ખી જ બાબત છે કે નિષ્ઠા અને શ્રધ્ધા વિના તો અહીં લાંબા થવાતું જ નથી. માટે આવ્યા છો તેમ આવતા પણ રહેજો.**

જગતમાં ઘણી જગ્યાએ લોકોને કંઈક નવું તૂત ઉભું કરવું પડે છે. ખૂણે ખાંચરેથી કે ખાડામાંથી ભગવાન કાઢતા હોય છે. જ્યારે **આપણને વાસ્તવિક આખે આખા ભગવાન મળ્યા છે.** હમણા એક જગ્યાએ જોયું તો અડધી રાત્રે મંદિર ઉભું કરી દીધું. હનુમાનજી પધરાવી દીધા. કેટલા હાથના ઊંચા છે ખબર નહીં પરંતુ કહે કે આ તો સ્વયંભુ છે. સારું કહેવાય આપણે કોઈની ટીકામાં પડવું નથી. પરંતુ આમા પરિણામ સ્વરૂપે ધોકાવાળી ન થાય તો બીજું શું થાય ! કહેવાનું તાત્પર્ય એ છે કે લોકો ને ઉભું કરવું પડે છે જ્યારે **આપણી પાસે નથી નાટક કે નથી આડંબર ! આપણી પાસે જે છે તે વાસ્તવિક છે. આપણને ગર્વ થાય કે અમદાવાદ શ્રી નરનારાયણદેવના ભાગે શું નથી આવ્યું !** કાલે વસંત પંચમી છે. મૂળી મંદિરમાં પગ મૂકવાની જગ્યા નહી મળે ! કાલે બ્રહ્માનંદ સ્વામીનો જન્મ દિવસ છે. આજે ગોપાળાનંદ સ્વામીનો આ ઉત્સવ ચાલું છે. કાલે મૂળી મંદિરનો પાટોત્સવ છે. આવું મોટું મુળીનું મંદિર આપણ ને મલ્યું છે. **તમે કલ્પના તો કરો આપણી પાસે શું નથી ?** એ નંદ સંતો એ સાદડી ઉપર કે ફાટેલી તૂટેલી ગોદડી ઉપર બેસીને કહ્યું છે કે શીદને રહીએ કંગાલ? મર્સીડીઝ કે ઓડી ગાડીમાં બેસીને નથી કહ્યું કે શીદને રહીએ કંગાલ ? જેઓને ભગવાન મળ્યા નો ગર્વ હોય તેઓ જ આવું બોલી શકે ! ત્યારે નહીં આજે પણ વડીલ સંતો હોય કે નાના સાધુ હોય તેમજ શરીરમાં અને ઉંમરમાં નાના મોટા હરિભક્તો હોય, ઘણાને ભગવાનનું બળ એવું જ છે અને તેઓના ઉપર ભગવાનના ચાર હાથ છે તેવું માને છે જેથી તેઓ ક્યારેય દુઃખી નથી થતા.

પરોક્ષના અહીં દર્શન કરવા આવે છે અને ગોપાળાનંદ સ્વામીના નામથી દુઃખ દૂર થઈ જાય છે ! હમણા સ્વામી વાત કરતા હતા કે ટોરડાથી શામળાજી જતાં પાંચ કિલોમીટરના અંતરે બુજરાસણ ગામ પાસે ભાગલી નહેર કે જ્યાં ગોપાળાનંદ સ્વામી બેસતા હતા. જ્યાં હાલમાં સ્મૃતિ માટે વેદિકા ઓટો બનાવેલ છે ત્યાં કોઈને એકાંતરીયો તાવ આવ્યો હોય કે બીજી કંઈ તકલીફ હોય અને ગોપાળાનંદ સ્વામીનું નામ લઈને એક પથ્થર નાંખે તો પણ દુઃખ જતું રહે છે. તમે વિચાર કરો જેઓએ નથી ક્યારેય સ્વામિનારાયણ ભગવાનના દર્શન કર્યા, નથી નરનારાયણદેવના દર્શન કર્યા કે નથી દેવના એ પ્રસાદીના ઉંબરાના દર્શન કર્યા તો પણ માત્ર ગોપાળાનંદ સ્વામીના નામથી કામ થઈ જાય છે. એ વસ્તુ આપણી પાસે છે. આપણા સૌના બાપ સ્વામિનારાયણ ભગવાન આપણી સાથે છે માટે આ કામ થાય છે. ભગવાન આપણને બહુ મોટા મળ્યા છે. **૫૦૦ મોટા નંદસંતોના એક-એક મંદિર ગણો તો ૫૦૦ મંદિરો થયા હોત અરે ! એક સંતના ઓછામાં ઓછા ડઝન મંદિરો થાય તેટલા એ સંતો સક્ષમ હતા, હતા ને ! છતાં એક પણ સંત ભગવાનના સિંહાસનમાં નથી ચડી બેઠા ! દરેક સંતોએ ભગવાનને જ આગળ રાખ્યા છે. નંદ સંતોએ પોતાનું સામર્થ્ય ભગવાન ઓળખાવવામાં જ વાપર્યું છે. આપણે આ પરંપરામાં આવીએ છીએ. આવા ભગવાન, આવા સંતો અને આવા ભક્તો આપણને મળ્યા છે માટે આપણે સુખી છીએ.**

આજે સૌ સંતો-ભક્તો આવા સ્થાન માટે જાગૃત થયા છે. કે.પી. સ્વામી, તેઓનું મંડળ તેમજ અન્ય તમામ સંતો-ભક્તોએ અહીં જે સેવા કરી છે તે સૌ ધન્યવાદને પાત્ર છે. કારણ કે હું માનું છું કે **સોનાની લગડીની કિંમત કદાચ ઉતરે પરંતુ આવા સ્થાનોની કિંમત ક્યારેય ઉતરવાની નથી. એવા આ કિંમતી પવિત્ર સ્થાનોમાં કરેલી સેવા શ્રીહરિ પોતે હાથો હાથ સ્વીકારે છે.** નાનામાં નાની સેવા, હું ક્યારેય ક્યાંય મોટી રકમનું કહેતો જ નથી. તન, મન, ધનથી કરેલી નાની સરખી સેવા એ આવા સ્થાનના કારણે મહારાજ ખૂબ રાજી થાય છે.

# (એક અભિવ્યક્તિ)
# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ - શું છે એમાં ?

- અતુલભાઈ ભાનુભાઈ પોથીવાલા (અમદાવાદ)

પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજના શુભ સંકલ્પ થકી સાકાર પામેલું શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું ''આદર્શ નજરાણું'' છે.

શ્રીહરિએ સ્વયં ઉપયોગમાં લીધેલી તથા એમનાં સ્પર્શને પામેલી સર્વે ચીજ વસ્તુઓ તથા તેમનું સાનિધ્ય પામેલા વૃક્ષ, પાલખી, દરવાજા, ગાડું, દાદર, પથ્થરો, શસ્ત્રો, શાસ્ત્રો પુસ્તકો એ બધી જ અલૌકિક અને દિવ્ય વસ્તુઓને સુંદર રીતે સજાવીને ગોઠવવામાં આવી છે.

પ્રત્યેક ખંડમાં પ્રવેશતાં જ એક પ્રકારનાં પવિત્ર સ્પંદનોનો અહેસાસ થાય છે. શ્રીહરિનાં લીલા ચરિત્રોનાં પ્રત્યેક પ્રસંગ અને તેમાં વપરાયેલ ચીજ વસ્તુઓને વાંચતા-નિહાળતાં જ ભાવ વશ થઈ જવાય છે.

શ્રી સ્વામિનારાયણ ભગવાને ઉપયોગમાં લીધેલ નહાવાનો પથ્થર - જે પથ્થર ઉપર શ્રીહરિ ભોજન લેતાં એ પ્રસાદીનો પથ્થર આદિક જે જે વસ્તુઓનો પ્રત્યક્ષ સ્પર્શ કરી શકાય છે - તે સર્વેને સ્પર્શતાં જ રોમાંચિત થઈ જવાય છે એવી **Live** એ ચીજ વસ્તુઓ છે !

હોલ નં. ૮ માં દર્શનાર્થે રાખેલાં શ્રીહરિનાં નખ, કેશ, દાઢ, અસ્થિ - એમનાં દર્શન માત્રથી શ્રીહરિની પ્રત્યક્ષતાનો અનુભવ થાય છે. આંખોમાંથી ભાવાશ્રુ સરી પડે એવી દિવ્યતા એ હોલમાં હરહંમેશ વ્યાપેલી રહે છે.

પેઢી દર પેઢી થી સચવાઈને રાખેલી આ સર્વે પ્રસાદીની દિવ્ય વસ્તુઓને મ્યુઝિયમ સ્વરૂપે રજુ કરીને પૂ. મોટા મહારાજશ્રીએ માત્ર સત્સંગ પરિવાર માટે જ નહિ પરંતુ જગતના સર્વે મુમુક્ષુ ધર્મશીલ મનુષ્યો માટે નો અદ્‌ભુત દાખડો કર્યો છે.

એમનાં આ દાખડા માટે આપણે સર્વે એમનાં હરહંમેશ ઋણી રહીશું.

દિન દિન પ્રત્યે જીવનની દોડધામથી જ્યારે થાક અને ડીપ્રેશન અનુભવાય ત્યારે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં અચૂક આવવું જોઈએ. અત્રે સંગૃહિત સર્વે દિવ્ય પ્રસાદીની ચીજ વસ્તુઓનાં દર્શન કરવાથી જ શરીરમાં અદ્‌ભુત શક્તિનો સંચાર થાય છે.

આધુનિક યુગમાં માણસ માત્રનું જીવન **Mobile** જેવું જ થઈ ગયું છે ને ? શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમની મુલાકાત લેવાથી શરીરમાત્રનો થાક દૂર થાય છે. અને મગજ પ્રફુલ્લિત થાય છે.

ધ્યાન કે મેડીટેશન કરતાં પણ ખૂબ સહજતાથી અહીં શ્રીહરિનાં ''પ્રત્યક્ષ વાયબ્રેશન્સ'' અનુભવાય છે.

સમગ્ર વિશ્વમાં પરમાત્માના પ્રત્યક્ષપણાની દિવ્યતાનો **Live** અનુભવ કરાવતું આ એક માત્ર શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ છે.

**શ્રી નરનારાયણદેવના ૨૪ કલાક દર્શન માટે જુઓ વેબસાઈટ**
www.swaminarayan.in
www.swaminarayan.info
**ભારતીય સમય મુજબ આરતી દર્શન :** મંગળા આરતી ૫-૩૦ ● શણગાર આરતી : ૮-૦૫
● રાજભોગ આરતી ૧૦-૧૦ ● સંધ્યા આરતી ૧૯-૦૦ ● શયન આરતી ૨૦-૩૦

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....

# મ્યુઝિયમનો સાતમો વાર્ષિક સ્થાપનાદિન

તા. ૧૮-૨-૨૦૧૮ ને ફાગણ સુદ ત્રીજ આપણા હરિભક્તો માટે આખો દિવસ આસોપાલવના તોરણ જેવો લીલોછ્મ બની રહ્યો હતો. સવારે કાલુપુર મંદિરમાં પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકુળના વરદ્ હસ્તે શ્રી નરનારાયણ દેવના અભિષેક થી શરૂ કરી સાંજ સુધી આખો દિવસ લોકો ટાઈમ ટેબલ છોડી જીવ્યા હતા.

લગભગ સાડાઆઠ લાખ લોકોની મુલાકાત અને સાડા સાતસો અભિષેક સાત વર્ષમાં મ્યુઝિયમના ચોપડે નોંધાયા છે. બપોરે ૩:૦૦ કલાકે મ્યુઝિયમમાં અ.નિ.છોટાભાઈ શામળદાસ પટેલના મુખ્ય યજમાન પદે ૧૬૦ પાટલાઓ પર સજોડે હરિભક્તો શ્રી નરનારાયણદેવના સાંનિધ્યમાં સમૂહ મહાપૂજા અને અભિષેક માટે ગોઠવાઈ ગયા હતા. માળા અને આંગળીના ટેરવા વચ્ચેના એકાંતને મૌનની વાચા આપતા ૮ નંબરના હોલમાં આજે ઉચ્ચ સ્વરે શ્લોક બોલાઈ રહ્યા હતા.

આઠ નંબરના હોલની બહાર સમગ્ર મ્યુઝિયમનો માહોલ પણ કઈંક એવો જ હતો. દરેકના મનમાં માંડવો બંધાયો હતો પોતાના પ્રસંગનો. દરેકને આથમતો સૂરજ ઉગતો સૂરજ લાગતો હતો. મ્યુઝિયમના દિવ્ય વાતાવરણની એક પણ ક્ષણ ખોવા નહીં માંગતા લોકો દર વર્ષની જેમ એક બીજાને વોટ્સ-અપની બ્લ્યુ ડબલ ક્લિકની જેમ મળતા. ચહેરા વાંચવાના અભ્યાસૂ ઝવેરીલાલે ટકોર પણ કરી કે આ લોકો બીજે ફરતા સામાન્ય લોકો જેવા નથી લાગતા. કઈંક વિશેષ તાજગી બધામાં દેખાય છે.

પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ.લાલજી મહારાજશ્રી દ્વારા મહાપૂજાની પૂર્ણાહુતિની આરતી ઉતાર્યા બાદ ૧૨ નંબરના હોલમાં યજમાન પરિવાર દ્વારા ધર્મકુળનું પૂજન અને પ.પૂ.મોટા મહારાજશ્રી દ્વારા યજમાનોના સન્માન માટેની સભા થઈ. બહેનોને દર્શનનો લાભ આપવા પ.પૂ.ગાદીવાળાશ્રી પણ પધાર્યા હતાં. અમદાવાદ મંદિરના મહંત સ્વામી સહિત ધામો ધામના સંતો અને સાંખ્યયોગી બહેનોની હાજરી નોંધનીય હતી. વર્ષોથી ગુજરાત સમાચાર વર્તમાનપત્રમાં પહેલા પાને જેમની તસવીર પ્રગટ થાય છે તેવા ફોટો જર્નાલીસ્ટ શ્રી ઝવેરીલાલ મહેતા (તાજેતરમાં ભારત સરકાર દ્વારા મહા મહિમ રાષ્ટ્રપતિ ના હસ્તે પદ્મશ્રી એવોર્ડથી નવાજવામાં આવ્યા છે.)નું આ પ્રસંગે પ.પૂ.મોટા મહારાજશ્રી દ્વારા સન્માન કરાયું હતું. ત્યાર બાદ પ.પૂ. મોટા મહારાજશ્રીએ સૌને આશીર્વાદ આપ્યા હતા. પ.પૂ.મોટા મહારાજશ્રીના અવાજથી કાનના કેટલાય દિવસના ઉપવાસ છોડી પારણા કરતા હોય તેવું લાગે છે. માટે સૌ ૧૨ નંબરના હોલ તરફ ખેંચાવા લાગ્યા. આશીર્વચન બાદ સૌએ મહાપ્રસાદ ગ્રહણ કરી દિવ્ય અનુભૂતિના સથવારે આવતા વર્ષે ફરી આવવાની ગાંઠ વાળતા વિખરાવા લાગ્યા.

-પ્રફુલ ખરસાણી

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન (ફક્ત વોડાફોન ધારકો માટે)**

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.**

**મોબાઈલમાં ct>સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.**



## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ - ફેબ્રુઆરી-૨૦૧૮

| | |
|---|---|
| રૂા. ૧,૦૦,૦૦૦/- | દેવશીભાઈ ગામી - યુ.કે. |
| રૂા. ૬૫,૦૦૫/- | સમીર કાનુગા - અમેરિકા |
| રૂા. ૫૧,૦૦૦/- | પ.ભ. કાંતિભાઈ પટેલ - ઓકલેન્ડ ન્યુઝીલેન્ડ |
| રૂા. ૩૨,૫૩૫/- | સુનીલ એસ. પટેલ - અમેરિકા |
| રૂા. ૧૦,૦૦૦/- | ઠાકોરભાઈ પટેલ - અમદાવાદ |
| રૂા. ૭,૫૦૦/- | મહેન્દ્રભાઈ છોટાભાઈ - કાળીગામ |
| રૂા. ૫,૧૫૧/- | અ.નિ. પ.ભ. મણીલાલ લક્ષ્મીચંદ ભાલજા સાહેબ, અ.નિ. પ.ભ. નંદલાલભાઈ ભાઈચંદભાઈ કોઠારી તરફથી હ. પ્રમોદભાઈ ઝાલા |
| રૂા. ૫,૦૦૦/- | મીનાબેન કે. જોષી - બોપલ |
| રૂા. ૫,૦૦૦/- | પટેલ રાજેશભાઈ નટવરલાલ - બોપલ-અમદાવાદ |
| રૂા. ૫,૦૦૦/- | અ.નિ. શારદાબેન અંબાલાલ પટેલ - અમદાવાદ હ. ગીતાબેન |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી ફેબ્રુઆરી-૧૮

| | |
|---|---|
| તા. ૦૧-૦૨-૧૮ | કૌશિકભાઈ ડાહ્યાભાઈ પટેલ - મણીનગર હ. મોનીષ પટેલ - કેનેડા |
| તા. ૦૭-૦૨-૧૮ | ચંદુભાઈ નારણદાસ પટેલ - ડેરીવાળા - ડાંગરવા |
| તા. ૦૮-૦૨-૧૮ | નાયરા ચિંતક પટેલ (પ્રથમવાર વતનમાં આવ્યા તે નિમિત્તે) હ. ઈન્દ્રવદન રાવજીભાઈ પટેલ - નારણપુરા |
| તા. ૧૦-૦૨-૧૮ | ચાર્વી અશ્વિનભાઈ જાગાણી - આંબાવાડી - હ. ડૉ. મગનભાઈ જાગાણી |
| તા. ૧૧-૦૨-૧૮ | ભીમજીભાઈ હિરાણી - મોમ્બાસા |
| તા. ૧૮-૦૨-૧૮ | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના ૭ માં પાટોત્સવના યજમાન અ.નિ. છોટાભાઈ શામળદાસ પટેલ પરિવાર - હ. મહેન્દ્રભાઈ - કાળીગામ |
| તા. ૨૦-૦૨-૧૮ | કમલેશભાઈ બચુભાઈ પટેલ - નારણપુરા - ચિ. તરૂણના લગ્ન નિમિત્તે |
| તા. ૨૪-૦૨-૧૮ | પરેશ ખીમજી - યુ.કે. કાર્ડિફ |

**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના ૮ માં સ્થાપના દિનના યજમાનશ્રી કરશનભાઈ કે. રાઘવાણી પરિવાર - બળદીયા-કચ્છ**

**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના ૯ માં સ્થાપના દિનના યજમાનશ્રી જનકભાઈ ગોકળદાસ પટેલ પરિવાર - લવારપુરવાળા હાલ અમદાવાદ રહેશે.**

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલ:- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
**www.swaminarayanmuseum.org/com ●email: swaminarayanmuseum@gmail.com**

# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## ભગવાન ભક્તવત્સલ છે

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

એકવાર ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાન કચ્છના ગામ આધોઈમાં ભક્તરાજ રાયધણજીને ત્યાં પધાર્યા હતા ત્યારની આ વાત છે.

રાયધણજી ભક્ત અને કરણીબા એ આ ગામના આગેવાન હરિભક્તો. આધોઈમાં સત્સંગ બહુ સારો. આ ભક્તો રામાનંદ સ્વામીના શિષ્ય હતા. પછીથી નિષ્કુળાનંદ સ્વામીએ ગામમાં સત્સંગ કરાવેલો. ભગવાન આધોઈ પધાર્યા છે. કરણીબા કહે છે, મહારાજ બિરાજો. મહારાજ કહે - ''બિરાજવાનું પછી, છેક ભચાઉથી અડવાણા પગે ચાલતા આવીએ છીએ. એટલે ભૂખ બહુ લાગી છે.'' મહારાજ હમણાં જ થાળની વ્યવસ્થા કરી દઉં. ના, બહુ ભૂખ લાગી છે. એક ક્ષણ પણ નહીં રહેવાય. ઘરમાં તૈયાર હોય એ લાવો. બનાવવાની વાત પછી. એકવાર હાજર હોય એ હજૂરમાં લાવો. મહારાજ ! તૈયારમાં તો દહીં છે, બીજું કાંઈ નથી. સારૂ તો દહીં લાવો.

મહારાજ કહે, લાવો જલ્દી લાવો. દહીંના ગોરસાં તૈયાર છે. મહારાજ આજે એવા ભૂખ્યા થયા છે ! જાણે રહેવાતું જ ન હોય. આ શાની ભૂખ હશે ! ભક્તની ભાવનાની ભૂખ હતી. દહીંનું ગોરસું પાસે મૂક્યું. એટલે શ્રીજીમહારાજે રાહ ન જોઈ કે વાટકી લાવો કે ચમચી લાવો. સીધો હાથ નાંખ્યો દહીંના ગોરસામાં.

વ્યાપકેશ મુનિ કહે છે કે આ હાથ નાંખ્યો એટલે આ કઈ લીલી કરી. તો કહે છે, પૂર્વાવતાર એટલે કે શ્રીકૃષ્ણાવતારમાં ભગવાન દહીંને માખણ આરોગતી વખતે ચમચી નહોતા વાપરતા. ભાગવતમાં એવું ક્યાંય લખ્યું નથી.

અહીં આગળ સ્વામિનારાયણ ભગવાન પણ આજે એવી રીતે દહીં આરોગવા માંડ્યા. જમતા જાય છે અને પ્રશંસા કરતા જાય છે. દહીં બહુ સારૂં છે. એક ગોરસું (માટીની નાની મટુકી) ખાલી કરી નાંખ્યું. બીજું ખાલી કરી નાંખ્યું. ત્રીજું ગોરસું ચાલુ કર્યું અને એ અડધું પુરૂં કર્યું. મહારાજ આ રીતે દહીં જમતા હોય એ લીલા ચરિત્રો કેવાં સુંદર છે, સાંભળતા કે વાંચતા એમ થાય કે વૈજ્ઞાનિકો વહેલા જન્મયા હોત અને વિડિયો કેમેરા હોત તો આજે આપણને કેવો આનંદ થાત ! આ લીલાના પ્રત્યક્ષ દર્શન કરત પણ એ બધા સો વરસ મોડા જન્મયા.

દહીંના ગોરસાં ખાલી કરી શ્રીજીમહારાજ કરણીબાને કહે છે, હવે થાળ બને એટલી વાર ટેકો થઈ ગયો. હવે વાંધો નથી. હવે થાળ શાંતિથી બનાવો. હવે અડધો કલાક વાંધો નહી આવે. ત્યાં સુધી ચાલશે.

શ્રીજીમહારાજ કરણીબાને નિષ્કામી, નિર્મળ મનવાળા અને પવિત્ર જાણીને કહે છે. કરણીબા ! અમારા પગમાં તો જુઓ, શું ખૂંચે છે ? અને કરણીબાએ મહારાજના ચરણ સામે જોયું. તરત જ હાથમાં સાધન લીધું ને કાંટા કાઢવા લાગ્યા. મહારાજ ! તમારા ચરણોમાં તો બહુ કાંટા વાગ્યા છે. કેટલાં કાંટા વાગ્યા હશે જાણો છો? અહીં સત્સંગિભૂષણમાં ચોખ્ખો આંકડો લખ્યો છે - અઢાર કાંટા. એ કેવા કાંટા ! કાંટા બે રીતે વાગે એ બધાને અનુભવ ન હોય. એક તો, કાંટો વાગે અને દેખાતો હોય એતો ખેંચીને લઈ લેવાય. પણ બીજી રીતે કાંટો વાગે પછી અંદર તૂટી જાય. ભાંગી જાય એ અણીદાર સાધનથી કાઢવો પડે. એટલે શ્રીજીમહારાજને અઢાર કાંટા વાગેલા અને બધા કાંટા અંદર ભાંગી ગયેલા. કરણીબાએ કાંટા કાઢવાનું અણીદાર સાધન લઈ અને અઢાર કાંટા ભગવાનના ચરણમાંથી કાઢ્યાં. આટલા બધા કાંટા વાગ્યા કારણ કે મોજડીઓ એક ભૂદેવને ભેટ આપી દીધેલી. અડવાણા પગે ભચાઉથી છેક આધોઈ પધાર્યા. આટલા બધા કાંટા પ્રભુને વાગ્યા કોના માટે ? આ શા માટે ? ભક્તવત્સલ ભગવાન આ રીતે કૃપા કરી ગામોગામ વિચરણ કરે છે. એ ભક્તોના સુખ માટે.

મિત્રો ! બસ આપણે તો કંઈજ કરવાનું નથી. ફક્ત ને ફક્ત એ ભગવાનનું ભજન કરવાનું છે. જો આપણે

ભગવાનને ભૂલશું નહી તો ભગવાન આપણને ભૂલશે નહીં. કરણીબાની જેમ જીવનમાં ભક્તિનિષ્ઠા, પ્રેમનિષ્ઠા જો કેળવાય તો ભગવાન સામે ચાલીને આપણી સેવાનો સ્વીકાર કરવા પધારે છે. એ વાત કરણીબાની આ કથા વાંચવાથી સિધ્ધ થાય છે.

●

## સર્વત્ર સદ્‌ગુણ પૂજાય છે

- નારાયણ વી. જાની (ગાંધીનગર)

માણસ સદ્‌ગુણથી આદરપાત્ર બને છે. માણસની મહાનતાનું માપ તેના સદ્‌ગુણો છે. રૂપરંગ નહિ.

એક રાજ્યમાં કોષાધ્યક્ષની નિમણુંક કરવાની હતી. તે માટે યોગ્ય માણસ શોધવાનું કામ પ્રધાનશ્રીને સોંપવામાં આવ્યું. થોડાજ દિવસોમાં તેણે બાહોશ, નિષ્ણાંત, પ્રમાણિક માણસને પસંદ કરીને રાજાની પાસે હાજર કર્યો.

રાજાએ તેનો ઈન્ટરવ્યુ લીધો. જાતજાતના અટપટા પ્રશ્નો પૂછીને ચકાસણી કરી. ખરેખર આ માણસ કોષાધ્યક્ષ ના સ્થાન માટે લાયક હતો. પરંતુ એક ખામી ઉડીને આંખે વળગે તેવી સામે આવી.

દિવાને પસંદ કરેલો તે માણસ ચહેરાથી કદરૂપો હતો. મહારાજાએ દિવાનને કહ્યું, મારે તો વારંવાર કોષાધ્યક્ષને મળવું પડે. તેની સાથે વાર્તા-ચર્ચા કરવાના પ્રસંગો આવ્યા જ કરે અને તેનો કદરૂપો ચહેરો મારે જોવો પડે જે મને જરાપણ ગમતું નથી. માટે આ માણસની નિમણુંક અંગે આવતી કાલે વિચારણા કરીશું.

બીજા દિવસે કચેરીમાં સભા ભરાઈ. ઉનાળાના દિવસો હતા. સખત ગરમી પડતી હતી. તરસ લાગવાથી રાજાએ જળ મંગાવ્યું. દિવાને સોનાના કળશમાંથીપાણી આપ્યું રાજા કહે આ પાણી તો ગરમ છે. બીજું લાવો. દીવાને કર્મચારીને આજ્ઞા કરી ચાંદીના પાત્રમાંથી જળ લાવો. એ પાણી પણ ઉનાળાની ગરમીથી હુંફાળું હતું. રાજાએ અકળાઈને હુકમ કર્યો. માટીના ઘડામાંથી ભરેલું શિતળ જળ જલ્દી લાવો.

દિવાને કહ્યું નામદાર ! એ માટીનો ઘડો સોના, ચાંદીના ઘડા જેવો રૂપાળો નથી. માટે તમને સોના, ચાંદીના પાત્રમાંથી જળ આપ્યું હતું.

દિવાનના જવાબથી રાજા બધું રહસ્ય પામી ગયો. અને કદરૂપા દેખાતા તે માણસના સદ્‌ગુણોને મહત્વ આપી કોષાધ્યક્ષ તરીકે નીમી દીધો.

મિત્રો જીવનમાં સુખી થવું હોય, પસંદગીના ક્ષેત્રે પ્રગતિ કરવી હોય તો સદ્‌ગુણને મહત્વ આપજો. એટલું જ નહીં. જીવનમાં સદ્‌ગુણો અપનાવજો. અને ''ગુણગ્રાહી જનાર્દન'' એ સંસ્કૃત ઉક્તિ પ્રમાણે આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાને સદાય સદ્‌ગુણને અને સદ્‌ગુણીને જ મહત્વ આપ્યું છે. એ બાબત કાયમ યાદ રાખજો.

**શ્રી સ્વામિનારાયણ અંક ન મળવા અંગે**

આપણું ''શ્રી સ્વામિનારાયણ માસિક'' દર માસની ૧૧ તારીખે નિયમિત અને ચોક્કસાઈ પૂર્વક પીન કોડ પ્રમાણે સોર્ટિંગ કરીને પોસ્ટ કરવામાં આવે છે. તેમ છતાં ઘણાને અંક ન મળવાની ફરિયાદ આવે છે. અહીં ફરિયાદ કરતા પહેલા દર માસની ૨૦ તારીખ બાદ તમારી સ્થાનિક પોસ્ટમાં લેખિત ફરિયાદ કરવી. અત્રે સ્ટોકમાં અંક હશે તો ફરીવાર પોસ્ટમાં આપને અંક મોકલાશે. અંક અંગેની કોઈ પણ ફરિયાદ માટે આપનો સભ્ય નંબર (ગ્રાહક નંબર) જરૂરી છે. ગ્રાહક નંબર વગર ફરિયાદ લેવામાં નહીં આવે તેની ખાસ નોંધ લેવી.

**શ્રી સ્વામિનારાયણ માસિકમાં છાપવા માટે**
**લેખ, સમાચાર અને ફોટોગ્રાફ્સ ઈમેલથી મોકલવા માટે એડ્રેસ**

**shreeswaminarayan9@gmail.com**

**મોબાઈલથી પાડેલા ફોટા છપાશે નહિ**

શ્રી સ્વામિનારાયણ

# ભક્તિસુધા

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી) એકાદશી સત્સંગ સભા પ્રસંગે કાલુપુર મંદિર-હવેલી) "ઈન્દ્રિયોનો આહાર શુદ્ધ હશે તો જ આપણે આત્યંતિક કલ્યાણના અધિકારી બની શકીશું"**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ ઘોડાસર)

આપણે જે ખોરાક લઈએ છીએ તેની અસર શરીર ઉપર થાય છે તે કહેવાની વાત નથી, બધાને ખબર જ છે. તળેલો કે એવો કાંઈ ખોરાક લેવાય ત્યારે ઓડકાર એવા આવે છે. આપણું ધ્યાન પણ ત્યાં જ રહે છે. આપણી વિચારવાની શક્તિ પણ શરીર સ્વસ્થ ના હોય તો ઓછી થઈ જાય છે. તેવી રીતે આપણે ઈન્દ્રિયોને પણ જેવો આહાર આપીએ છીએ તેની અસર અંતઃકરણ ઉપર પણ થાય છે. દા.ત. નેત્ર તેનો આહાર છે જોવાનું. તો અમુક વસ્તુ જોવા જેવી નથી હોતી તે જોવાથી જોયા પછી 'ઉદ્વેગ' થાય છે. અને જે જોયા પછી આખો દિવસ મગજ ત્યાં ને ત્યાં જ રહે છે. ભગવાનનાં દર્શન કરીએ ત્યારે શાંતિ મળે છે. તેવી રીતે કાનનો આહાર છે **'શબ્દ'** તો ઘણા શબ્દો એવા હોય છે જે આપણા અંદર **'વૈરાગ્ય'** ઉત્પન્ન કરે છે. અને ઘણા શબ્દો એવા હોય છે જે વિયોગમાં **'આસક્ત'** કરી દે છે. જેનાથી આપણે સત્સંગથી દૂર થઈ જઈએ છીએ. અને અમુક શબ્દો આપણને સત્સંગ માટે **'પ્રેરણા'** આપે છે. પહેલાના સમયમાં સાધુ-સંતો ગૃહસ્થના ઘેર ભિક્ષા માગવા જતા. એક ગામમાં ચાર પાંચ સંતો ભિક્ષા માગવા ગયા. તેમાં એક સાધુ નાની ઉંમરના હતા બહુ રૂપાળા હતા. તો જે ઘરમાં ભિક્ષા માગવા ગયા હતા તે ઘરના બહેનોએ ભિક્ષા આપી પરંતુ અંદરો અંદર વાતો કરતા હતા કે **કેટલા બધા યુવાન છે. કેટલા બધા રૂપાળા છે. ગૃહસ્થાશ્રમમાં શોભે એવા છે.** પરંતુ મુંડન કરાવીને સાધુ કરી દીધા છે. તો તે શબ્દો સાધુના કાનમાં પડ્યા અને મનમાં **'સંકલ્પ-વિકલ્પ'** ચાલુ થયા. આટલા વર્ષોનો **ત્યાગાશ્રમ છોડીને સંસારી થઇ ગયા !** તો કહેવાનો અર્થ છે કે શબ્દની અસર થાય છે. તેવી રીતે ત્વચાનો વિષય છે. **'સ્પર્શ'** કૈકેયી બહુ **'પવિત્ર'** અને **'ધાર્મિક'** હતા. શરૂઆતમાં એમને મંથરાની વાત મનાઈ નહિ. પરંતુ મંથરા જ્યારે ખૂબ સ્ત્રી ચરિત્ર કરીને રડવા લાગી તો પ્રેમને વશ થઈ ગયા અને મંથરાનો સ્પર્શ કર્યો. અને મંથરાની અંદર કળિયુગનું પ્રધાનપણું હતું જેથી સ્પર્શથી અંતઃકરણ પર અસર થઈ. તો ટુંકમાં કહેવાનો અર્થ છે કે **'આપણું જે અંતઃકરણરૂપી ઘર છે તેના માટે પંચેન્દ્રિયોના બધા દરવાજા મોકળા નહિ મુકવાના.'** આપણે જો આપણા ઘરના દરવાજા બધા માટે ખુલ્લા રાખી દઈએ, કૂતરા બિલાડા બધા માટે છૂટ મુકી દઈએ તો શું પરિસ્થિતિ થાય ? **આપણે દરેક વ્યક્તિને આપણા ઘરમાં પ્રવેશ નથી આપતા.** જેમ આપણે રાત્રે સૂવા જઈએ છીએ તો બધુ ચેક કરીને સૂવા જઈએ છીએ. તેમ આપણા અંતઃકરણને શુધ્ધ રાખવા માટે પંચેન્દ્રિયોરૂપી દરવાજા છે તેનું પણ બહુ ધ્યાન રાખવું પડે. **ગમે તેટલા સારા સત્સંગી હોય પણ જો ઈન્દ્રિયોના આહાર શુધ્ધ નહિ હોય તો કરેલા સત્સંગનું ફળ મળશે નહિ.** સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતોમાં આવે છે કે ઉકરડા ઉપર ભગવાનની મૂર્તિની સ્થાપના ન થાય. અર્થાત્ આપણા અંતઃકરણમાં પંચવિષયની ગંધ આવતી હોય તો ભગવાન ત્યાં ન રહે. આપણા ઘરમાં દુર્ગંધ આવતી હોય તો આપણે ઘરમાં નથી રહી શકતા તેમ અંતઃકરણમાં દુર્ગંધ આવતી હોય તો ત્યાં ભગવાન ના જ આવે. જેમ મકાન મજબૂત બનાવવું હોય તો પાયો મજબૂત જોઈએ. **કેમ કે ?** તે મકાનનો આધાર છે નહિ તો મકાન લાંબો સમય ટકતું નથી. પડી જાય છે. તેમ **અંતઃકરણને શુધ્ધ રાખવા માટે આહાર શુધ્ધિ અનિવાર્ય છે. આહારશુધ્ધિ ન હોય તો કરેલો સત્સંગ પણ ટકતો નથી. આહાર શુધ્ધિ હશે તો જ અંતઃકરણ શુધ્ધ રહેશે અને પછી જ આપણે આત્યંતિક કલ્યાણના અધિકારી બનશી શકીશું.** જેમ મકાનનો પાયો મજબૂત ન હોય તો મકાન

પડી જાય ત્યારે ખબર પડે છે. તેમ આહાર શુધ્ધ ન હોય તો બાહ્ય દૃષ્ટિએ જોવામાં કાંઈ ફેર લાગે નહિ, પરંતુ તે આપણને આધ્યાત્મિક માર્ગમાં આગળ વધતા નડે છે. તેની ક્યારે ખબર પડે છે તો આપણું મન અશાંત થાય છે. અંદર ઉદ્વેગ થાય છે. જેમ શરીર કમજોર થાય તો અસક્તિ લાગે છે. તેમ જ્યારે મન અશાંત થાય ત્યારે વિચારવાનું કે શું ઈન્દ્રિયોને ખોરાક અપાઈ ગયો છે. તેની આવી અસર થાય છે. **ગ.પ્રથમ પ્રકરણના ૧૮ માં વચનામૃતમાં મહારાજે આ વિષય ઉપર વિસ્તારથી વાત કરી છે કે :** "પંચવિષયને સમજ્યા વિના જે ભોગવશે અને સાર-અસારનો વિભાગ નહિ કરે અને તે નારદ-સનકાદિક જેવો હશે તેની પણ બુદ્ધિ ભ્રષ્ટ થઈ જશે, તો જે દેહાભિમાની હોય અને તેની બુદ્ધિ ભ્રષ્ટ થાય તેમાં શું કહેવું ? તે સારુ એ પંચ ઈન્દ્રિયોને યોગ્ય અયોગ્ય વિચાર્યા વિના જે મોકળી મેલશે તેનું અંતઃકરણ ભ્રષ્ટ થઈ જાશે અને પંચઈન્દ્રિયો દ્વારે જીવ જે આહાર કરે છે તે આહાર જો શુધ્ધ કરશે તો અંતઃકરણ શુધ્ધ થાશે અને અંતઃકરણ શુધ્ધ થાશે તો અખંડ ભગવાનની સ્મૃતિ રહેશે. અને જો પંચ ઈન્દ્રિયોના આહારમાંથી એક ઈન્દ્રિયનો આહાર મલિન થશે તો અંતઃકરણ પણ મલિન થઈ જાય છે. માટે **ભગવાનના ભક્તને ભગવાનના ભજનને વિષે જે કોઈ વિક્ષેપ થઈ આવે છે તેનું કારણ તો પંચ ઈન્દ્રિયોના વિષય જ છે. પણ અંતઃકરણ નથી."**

આ જે વાત છે તેને **મહારાજે** કેટલું બધું મહત્ત્વ આપ્યું છે કે, **મહારાજે** રાત્રિનો પાછલો પ્રહર એટલે કે ૪ વાગ્યે હરિભક્તોને તેડાવીને **મહારાજે** આ વાત કરી છે અને કહ્યું છે કે "એક વાત કહુ તે સાંભળો" એમ કહીને **શ્રીજીમહારાજ** બોલ્યા જે, "જે મારા મનમાં તો એમ થાય છે કે જે વાત ન કહું પણ તમે અમારા છો માટે જાણીએ છીએ જે કહીએ જ, અને આ વાત છે તેને સમજીને તે જ પ્રમાણે વર્તે તે મુક્ત થાય છે અને તે વિના તો ચાર વેદ, ષટ્શાસ્ત્ર અઢારપુરાણ અને ભારતાદિક ઈતિહાસ તેને ભણવે કરીને તથા તેના અર્થને જાણવે કરીને અથવા તેને શ્રવણે કરીને પણ મુક્ત થાય નહિ."

**અને એમ પણ કહ્યું છે કે : "આ અમારું વચન છે તે ભલા થઈને સર્વે જરૂર રાખજ્યો તો જાણીએ તમે અમારી સર્વે સેવા કરી અને અમે પણ તમને સર્વેને આશીર્વાદ દઈશું અને તમો ઉપર ઘણા પ્રસન્ન થઈશું. કાં જે તમે અમારો દાખડો સુફળ કર્યો અને ભગવાનનું ધામ છે ત્યાં આપણે સર્વે ભેળા રહીશું ને જો એમ નહિ રહો તો તમારે ને અમારે ઘણું છેટું થઈ જાશે અને ભૂતનું કે બ્રહ્મરાક્ષસનું દેહ આવશે અને હેરાન થાશો અને જે કાંઈ ભગવાનની ભક્તિ કરી હશે તેનું ફળ તો રઝળતા રઝળતા કોઈક કાળે પ્રગટ થાશે ત્યારે પણ અમે વાત કરી તે પ્રમાણે રહેશો ત્યાર પછી મુક્ત થઈને ભગવાનના ધામમાં જાશો."**

**માટે ગમે તેવી વસ્તુ અંતઃકરણમાં નહિ ભરવાની. કેમ કે, કરેલી ભક્તિનું જે બળ જોઈએ તે અંતઃકરણની શુદ્ધિ વગર મળતું નથી.** આપણે આ જગતમાં રહેવાનું છે અને જગતમાં તો ઘણું બધું ચાલતું હોય છે. આખું જગત એવું ભાગ્યશાળી છે જ નહિ કે બધાને **આવા મહાપ્રતાપી 'નરનારાયણદેવ'** મળે. તો આપણે આ જગતમાં રહેવાનું છે. તો શું કરવાનું ? તો ના જોવાનું જોવાઈ જાય, ન સાંભળવાનું સંભળાઈ જાય તેને તરત ભૂલી જવાનું. આ સત્સંગ આપીને **મહારાજે** આપણને એટલી બુદ્ધિ તો આપી જ છે . અને સત્સંગમાં આવ્યા પછી ધ્યાન રાખીએ તો બધો વિવેક વધતો જાય છે કે શું કરવાથી આપણને નુકસાન થશે. જે યાદ રાખવા જેવું છે એ જ યાદ રાખવાનું. જેમ શરીર માટે ખોરાકનું ધ્યાન રાખીએ છીએ તેમ ઈન્દ્રિયોના આહારનું પણ ધ્યાન રાખવાનું. ગમે તેટલા મોટા પ્રકાંડ પંડિત થઈ ગયા તો પણ અંતર જ્યાં સુધી મલિન હશે ત્યાં સુધી એક માળા પણ નહિ ફળે. ભલે બે જ માળા કરો પરંતુ ભગવાન સાથે એકાગ્રતા જોડાય તેવી રીતે કરો. જો અંતઃકરણ શુધ્ધ હશે તો કરેલી એક માળાનું ફળ પણ ઘણું  મળશે. તેનું ખાસ ધ્યાન રાખવાનું. પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના ચરણોમાં એજ પ્રાર્થના આપ સૌનો સત્સંગ ખૂબજ વૃદ્ધિ પામે.

●

## પ્રેમેશ્વર શ્રીહરિ

- સાંખ્યયોગી કોકિલાબા (સુરેન્દ્રનગર)

પ્રેમ એ પરમાત્માનું સ્વરૂપ છે. જે ભગવાનને નિષ્કામ પ્રેમ કરે છે તેજ સર્વોત્તમ છે. તેજ ભગવાનના હૃદય સમાન છે. તેનો જ પ્રેમ ક્ષણ ક્ષણ પ્રત્યે વૃધ્ધિ પામે છે.





















૧.શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના ૭માં વાર્ષિક સ્થાપના દિન નિમિત્તે શ્રી નરનારાયણદેવના અભિષેક બાદ મહાપૂજાની આરતી ઉતારતા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ.લાલજી મહારાજશ્રી તથા તે પ્રસંગે પોતાના સન્માન બાદ પોતાની અંતરની ભાવના વ્યક્ત કરતા જાણીતા ફોટો જર્નાલીસ્ટ શ્રી ઝવેરીલાલ મહેતા. ૨. લાલોડા મંદિર (ઈડર દેશ)માં શ્રી હનુમાનજી મહારાજની સુવર્ણ જયંતી પ્રસંગે પ.પૂ.આચાર્ય મહારાજશ્રીની નિશ્રામાં શ્રી હનુમાન ચાલીસાની કથા ૩. સુઘડ ગામે સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. મહારાજશ્રી ૪. રાણીપ મંદિરના પાટોત્સવ પ્રસંગે સભામાં આશીર્વાદ આપતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી. ૫. નવા નિકોલમાં શાકોત્સવ કરતા પૂ. મહંત સ્વામી શા. હરિકૃષ્ણદાસજી તથા સંત મંડળ.

# શ્રી નરનારાયણ દેવ દેશ ગાદીના નૂતન મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ













# શ્રી નરનારાયણ દેવ દેશ ગાદીના નૂતન મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ



સાપાવાડા (ઈડર)



ટાંકીયા ( ગાંધીનગર)





વસઈ ( ટીંબા )






મકાખાટ



















૧.ઘાટલોડિયા મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી. ૨.દિયોદર (બનાસકાંઠા) મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતા શા. રામ સ્વામી અને શા. મુનિ સ્વામી તથા અન્નકૂટ આરતી ઉતારતા પ.પૂ.મહંત સ્વામી શા. હરિકૃષ્ણદાસજી. ૩.ભીમપુરા (માણસા) મંદિરના ૧૦માં પાટોત્સવ પ્રસંગે વ્યાસપીઠની આરતી ઉતારતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી. ૪. શ્રી સહજાનંદ ગુરૂકુળ - કોટેશ્વર પ્રાર્થના મંદિરના પ્રથમ પાટોત્સવ પ્રસંગે વ્યાસપીઠની આરતી ઉતારતા યજમાન પરિવાર. ૫. કાંકરિયા મંદિર પાટોત્સવ અને શહેર ચોર્યાસી નિમિત્તે પ.પૂ.આચાર્ય મહારાજશ્રીની શુભ નિશ્રામાં રાત્રી પારાયણ કરતા મહંત શા. સ્વામી વાસુદેવચરણદાસજી. ૬. હિંમતપુરા ગામમાં નૂતન મંદિરની ખાત વિધિ કરતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી.૭ લુણાવાડા મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીના અન્નકૂટની આરતી ઉતારતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી.

ગંગાના પ્રવાહની પેઠે કોઈ અંતરાયનો રોક્યો રોકાતો નથી. દેશ-કાળ આદિ વિઘ્નોથી તેનો પ્રેમ ઘટતો નથી. એવા પ્રેમી ભક્તની ઈન્દ્રિયો અને અંતઃકરણની વૃત્તિઓ સહેજે પરમાત્મામાં જ વર્તે છે. જેને સાચો પ્રેમ કર્યો એને પરમાત્મા મળ્યા છે. બાઈ મીરાંના પ્રેમે પથ્થરની મૂર્તિમાંથી પ્રભુને જીવંત કર્યા. સદ્‌ગુરૂ શ્રી બ્રહ્માનંદ સ્વામીના પ્રેમે શ્રી ગોપીનાથજી મહારાજની મૂર્તિમાંથી ભગવાન શ્રી સ્વામિનારાયણને બોલતા કર્યા. પ્રહલાદજીના પ્રેમે લોહ સ્તંભમાંથી નૃસિંહજીને પ્રગટ કર્યા. **પ્રેમ પ્રેમ સબ કોઈ કહે પ્રેમ ન જાને કોઈ, ઢાઈ અક્ષર પ્રેમ કા, પઢે સો પંડિત હોઈ.** એવો પ્રેમ જ્યારે પ્રભુમાં બંધાય છે ત્યારે પ્રભુ એવા પ્રેમી ભક્તનાં બંધનમાં બંધાય છે. સ્વતંત્ર પરમાત્મા પણ પરતંત્ર છે. કારણ કે એ પ્રભુને પણ ભક્તના પ્રેમ તાંતણે બંધાવું પડે છે. આવો અનન્ય પ્રેમ જ્યારે ભગવાન શ્રીહરિ સાથે બંધાય ત્યારે જીવને પ્રભુ સ્મરણ વિનાની એક ક્ષણ ભવ જેવી લાગે છે. ચંદ્રને નિરખ્યા વિનાની એક પળ પણ ચકોરીને પ્રાણ ઘાતક લાગે છે.

જ્ઞાનની પરાકાષ્ટા એટલે વિજ્ઞાન. જીવનની પરાકાષ્ઠા એટલે મૃત્યુ હાસ્યની પરકાષ્ઠા એટલે રૂદન અને પ્રેમની પરાકાષ્ઠા એટલે પરમેશ્વર. માણસ જાણે છે કે, જ્યાં પ્રેમ અને આનંદનો ઓચ્છવ હોય ત્યાં પરમાત્માનું અસ્તિત્વ હોયજ. પ્રેમ મેળવવા માટે એક પણ રૂપિયો ખર્ચ કરવો પડતો નથી. વગર પૈસે પણ પ્રેમ મેળવી શકાય છે. પ્રેમ જીવનનાં આંગણે આવેલો અવસર છે. પ્રેમ જીવનને સુગંધિત બનાવતું અત્તર છે. પ્રેમ આવાસ છે. પ્રેમ સુવાસ છે. પ્રેમ સંસાર છે. પ્રેમ તારણહાર છે. પ્રેમ જીવનનો નવલખો હાર છે. પ્રેમ જીવનમાં ખીલતું ફુલ છે. પ્રેમ મનને મસ્તીમાં રાખે છે.

પ્રેમ એટલે શું ? એમ કોઈ પૂછે તો એને કહેવાનું મન થાય કે **પ્રેમની વ્યાખ્યા ન કરાય. એને ચાખ્યા કરાય.** જો તમારે જીવનને પ્રેમમય બનાવવું હોય તો જીવનના બધાજ વિસંવાદોને ગાળી નાખો. એ સિવાય આનંદમય જીવનનું સર્જન નહી થઈ શકે. છેવટે પ્રેમ એટલે શું ? હૃદયની એક ભૂમિકા. હૃદયમાં ઉઠતાં ભાવ તરંગો, પ્રેમ એટલે પરમાત્મા અને હું એમ એકતા થઈ. લીન થઈ જવું. પ્રભુ મિલન તો ખાસ્સું દૂર લાગે. પરંતુ **પરમાત્માને પામવાનો એકસપ્રેસ વે એટલે પ્રેમ.**

ભગવાન શ્રીકૃષ્ણ ચંદ્રજીને હમેંશાં અર્જુન પાસે જવાની ટેવ હતી. તે જોઈને રૂકમણિજીને ઘણું ખોટું લાગતું અને વારંવાર કહેતા કે "હું આપની સેવામાં હાજર ને હાજર રહું છું. છતાં આપ અર્જુન પાસે હમેંશા જાવ છો. તો એવું તે અર્જુનમાં શું છે ? એમ વારંવાર રૂકમણિજીને સંતાપ થતો હતો. એક દિવસ ભગવાન શ્રીકૃષ્ણ હમેંશાના નિયમ મુજબ અર્જુન પાસે જવાની તૈયારી કરતા હતા. તે દિવસે યાદવોને તેમની હાજરીની ખાસ જરૂર હતી એટલે રોકાવા માટે તેઓએ તેમને આગ્રહ કર્યો. અને રાણીઓને પણ તે દિવસે કંઈક ઉત્સવનો પ્રસંગ હતો. તેથી રૂકમણિજી વિગેરે પટરાણીઓએ પણ તેમને રોકાવા વિનંતી કરી. છતાંય હમેંશાંના નિયમ પ્રમાણે શ્રીકૃષ્ણ ભગવાન તો અર્જુન પાસે ગયા જ પણ હઠાગ્રહને વશ થઈ રૂકમણિજીને પણ સાથે લેતા ગયા. બંને અર્જુન પાસે પહોંચ્યા. ત્યારે અર્જુન થાકીને આવ્યા હતા અને સ્નાન કરીને પાટ ઉપર સૂતા હતા. અને દ્રૌપદી એમના ભીના કેશ કોરા કરતા હતા. અર્જુન તો થાકને કારણે નિંદ્રામાં હતા. ભગવાન શ્રીકૃષ્ણને આવેલા જોઈને દ્રૌપદી તરત જ તેમના માટે આસન લેવા માટે અંદર ગયા. એટલે ભગવાન અર્જુન પાસે બેસી અર્જુનના કેશ કોરા કરવા લાગ્યા. શ્રીકૃષ્ણે રૂકમણિજીને ઈશારાથી સમજાવ્યું કે વાળ કોરા થાય છે કે નહિ એની ખાતરી માટે ગાલે કેશ અડાડી જુઓ. આ સાંભળતા જ રૂકમણિજીનો ગુસ્સો અતિ વધતો ગયો પણ ભગવાનની આજ્ઞાને આધિન થઈ ગાલે કેશ લગાડતા અર્જુનના એક એક વાળમાંથી કૃષ્ણ.... કૃષ્ણ... એવો સતત નાદ થતો રૂકમણિજીએ સાંભળ્યો. એટલે શ્રીકૃષ્ણ પર પોતાનો પ્રેમ હતો તેનું અભિમાન ટળી ગયું. અને અર્જુનનો પરમાત્મા પ્રત્યેનો પ્રેમ કેવો છે તે સમજાઈ ગયો. અર્જુનનો પ્રેમ ભગવાન પ્રત્યે અગાધ હતો. જેના કારણે ભગવાન એના સખા બન્યા. અને અર્જુનની પ્રેમની એ પરાકાષ્ઠા હતી કે ભગવાન એના સારથી બન્યા છે.

પશુ ખીલે બંધાય છે. પક્ષી માળામાં બંધાય છે. મનુષ્ય વાસનાથી બંધાય છે. અને ભગવાન ભક્તોના પ્રેમથી બંધાય છે. પરમાત્મા હમેંશા પ્રેમીની પાછળ જ હોય છે. પણ શરત એટલી કે પ્રેમ નિષ્કામ હોવો જોઈએ. જેમાં કોઈ અપેક્ષા કે આકાંક્ષા હોય તેને પ્રેમ કહેવાય જ શેનો ?

માટે સુખી થવું હોય તો નિષ્કામ પ્રેમી ભક્ત થવું પડે. એવા જ પ્રેમી ભક્તોને સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ અનેક રીતે લાડ લડાવતા રહ્યા છે અને તેમના મનોરથો પૂર્ણ કરતા રહ્યાં છે.

એક વખત ભગવાન શ્રીહરિ બળદ ગાડામાં બેસીને જતા હતા. બાજુમાં મુક્તરાજ પર્વતભાઈ અને તેનો નાનકડો દીકરો મેઘો બન્ને ચાલ્યા આવતા હતા. મેઘો ચાલીને થાક્યો એટલે ચાલું ગાડામાં ચઢવા માટે એણે પ્રયત્ન કર્યો. એજ સમયે શ્રીજી મહારાજે તેને ચિડવવા માટે ગાડા ઉપર તેણે મૂકેલો પગ નીચે ધકેલી દીધો. મેઘો ગાડાથી દૂર થઈ ગયો. ફરીવાર એને ગાડા ઉપર પગ મૂક્યો. ફરી મહારાજે ખસેડી દીધો. આમ ત્રણ-ચાર વખત ભગવાને કર્યું એટલે મેઘો ખિજાઈને દોડીને ગાડા ઉપર ચઢી ગયો અને શ્રીજીમહારાજના ચરણારવિંદના અંગુઠે બચકું ભરી લીધું. શ્રીજીમહારાજ મેઘાની આવી બાળ સહજ ચેષ્ટા જોઈને ખૂબ રાજી થયા અને ખૂબ વહાલથી પોતાની બાજુમાં બેસાડી દીધો. આવી રીતે શ્રીજી મહારાજ પોતાના પ્રેમી ભક્તોને પ્રેમ આપતા. ક્યારેક માતા બનીને, ક્યારેક પિતા બનીને, ક્યારેક સખા બનીને, ક્યારેક પુત્ર બનીને પણ પેમેશ્વર શ્રીહરિ ભક્તોને પ્રેમ આપતા હતા. ગઢપુરમાં સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામીના ''માતા'' શ્રીજી મહારાજ જ બન્યા હતા ને ! સ્વામી જ્યારે સાધુ થવા આવ્યા ત્યારે તેમના માતા-પિતા તેમને લેવા માટે આવ્યા હતા. તે વખતે એમના માતા લાલુબાદેવી જીવુબા અને લાડુબાની પાસે પુત્ર મોહમાં ખૂબજ રડ્યા. જાણે હમણાંજ દેહ છુટી જશે. એવી સ્થિતિ એમની થઈ ગઈ. જીવુબા અને લાડુબા એ શ્રીજી મહારાજને કહેવડાવ્યું કે, મહારાજ ! પુત્ર વિયોગમાં લાલુબા દેવીનો દેહ છુટી જશે તો બ્રહ્મમુનિ ''મા'' વિનાના થઈ જશે. પછી તેને લાડ કોણ લડાવશે. આ વાત શ્રીજીમહારાજને મળી ત્યારે બ્રહ્માનંદ સ્વામી બાજુમાં બેઠા હતા. મહારાજે પ્રેમથી બ્રહ્માનંદ સ્વામીના મસ્તક ઉપર હાથ ફેરવ્યો અને કહ્યું : ''આ બ્રહ્માનંદ સ્વામીની ''મા'' અમે પોતે થઈએ છીએ. માટે લાલુબા દેવીને કહેજો કે તમે જરાય ચિંતા કરશો નહિ. તેમને તમામ પ્રકારના લાડ અમે લડાવીશું. તમે નિશ્ચિંત પણે ઘેર જઈ અમારૂં ભજન કરો. માત્ર ''મા'' જ નહિ, આજથી તેમના પિતા પણ અમે, તેમના સખા પણ અમેજ અને તેમના ધણી પણ અમેજ છીએ. ભગવાન શ્રીહરિએ માત્ર ભક્તિમાતાને જ પુત્રનું સુખ આપ્યું એવું નથી. જેતલપુરના ગંગાબા, ડાંગરવાના જતનફઈ વિગેરે ઘણા પ્રેમી ભક્તોએ શ્રીજી મહારાજમાં પુત્ર ભાવથી પ્રેમ કર્યો હતો.

પર્વતભાઈને શ્રીજી મહારાજ પ્રત્યે અતુટ પ્રેમ હતો. માંગરોળના ગોવર્ધનભાઈ ને પણ શ્રીજીમહારાજ પ્રત્યે નૈકટતીર્થ સાધ્ર્યુ હતું. વેપાર કરે પણ હૃદયમાં ભારોભાર શ્રી સ્વામિનારાયણ ભગવાનની નિષ્ઠા-વિશ્વાસ અને પ્રેમ હતો. કોઈ આવીને દુકાનેથી કંઈ વસ્તુ લઈ જાય, કહે શેઠ, પૈસા બાકી ચોપડે લખી નાખો. ગોરધન શેઠ કહે, ભલે. પછી ચોપડે લખે તો ખરા પણ લઈ જનારનું નામ લખીને પછી લખે ''હસ્તે સ્વામિનારાયણ'' અને શેઠ નિશ્ચિંત થઈ જાય. મહારાજની સલૂણી મૂર્તિની અખંડ સ્મૃતિ રાખ્યે જાય. આ બાજુ ગઢડામાં દાદાના દરબારમાં બિરાજેલ શ્રીજીમહારાજને કોઈએ કહ્યું કે, મહારાજ, ગોરધન શેઠ તો ગાંડા થઈ ગયા છે. તેની બધી ઘરવખરી લૂંટાવવા બેઠા છે. એને કંઈક સમજાવો. મહારાજ કહે પણ શું થયું ? એને વેપાર માંડ્યો છે. સૌને ઉધાર દેવા માંડ્યું છે. વળી પાછા ચોપડામાં ઘરાકના નામ લખીને છેલ્લે લખે છે હસ્તે સ્વામિનારાયણ. ભગવાન શ્રીહરિ બોલ્યા કે, ગોરધન શેઠ હસ્તકમાં અમને રાખે છે. તો તો હવે એની બધી ઉઘરાણી અમારે જ પતાવવી રહી... સંપ્રદાયનો ઈતિહાસ સાક્ષી પૂરે છે કે ભગવાન શ્રીહરિએ ગોરધન શેઠની એક આના-પાઈની ઉઘરાણી પણ ખોટી નથી થવા દીધી. કારણ કે સમગ્ર બ્રહ્માંડનાં પહેલાં નંબરનો પ્રેમી

**નીચેના મહામંદિરોમાં નિત્ય દર્શન માટે**

જેતલપુર : www.jetalpurdarshan.com
મહેસાણા : www.mahesanadarshan.org
છપૈયા : www.chhapaiya.com
ટોરડા : www.swaminarayanmandirtorda.com
નારણઘાટ : www.narayanghat.com
વડનગર : www.swaminarayanmandirvadnagar.com
પ્રયાગ : www.prayagmilan.org
અયોધ્યા : www.ayodhyaswaminarayanmandir.com
ઈડર : www.gopinathjiidar.com
નારણપુરા : www.sankalpmurti.org
ધોળકા : www.swaminarayanmandirdholka.co.in

ભગવાન છે. આમ પ્રેમેશ્વર શ્રીહરિને અને ભક્તોને નિકટતા હતી.

●

### નિશ્ચય, આશરો, સ્વરૂપનિષ્ઠા અને ઉપાસનાનું રૂપ

- લાભુબેન મનુભાઈ પટેલ (કુંડાળ, તા. કડી)

**નિશ્ચય** : નિશ્ચય એટલે નક્કી કરવું. નિશ્ચય એટલે શ્રીજીમહારાજના સ્વરૂપને જેમ છે તેમ યથાર્થ ઓળખવું.

શ્રીજીમહારાજ ભગવાન છે આવું જે નક્કી કરવું તે તેમને ઓળખ્યા કહેવાય, પરંતુ જેમ છે તેમ યથાર્થ ઓળખ્યા ન કહેવાય. શ્રીજી મહારાજનું અન્વય સ્વરૂપ અને વ્યતિરેક સ્વરૂપ તથા તેનો સંબંધ આ બધું યથાર્થ સમજીને સ્વામિનારાયણ ભગવાન સર્વોપરી, સર્વ અવતારના અવતારી, સર્વ કારણના કારણ છે. એમ જે નક્કી કરવું, દૃઢતા કરવી એજ શ્રીજી મહારાજનો યથાર્થ અને સર્વોપરી નિશ્ચય કહેવાય.

**આશરો** : આશરો એટલે આશ્રય લેવો અર્થાત્ જેનો આશ્રય લીધો તે એકની જ મહત્તા તથા તેની જ આધીનતા. આશરો એટલે એકમાત્ર શ્રીજીમહારાજનું જ કર્તાપણું. કર્તાપણાની બાબતમાં અન્ય કોઈનો ભાર નહિ, કર્તાપણું નહિ, શરણાગતિ નહી. એકમાત્ર શ્રીજી મહારાજનો જ આશરો અને તેમની જ શરણાગતિ. બસ, ''મેરે તો તુમ એક હી આધારા.'' આશરો કરનાર અર્થાત્ આશ્રિત. શ્રીજી મહારાજે પોતાના આશ્રિતોને આજ્ઞારૂપ ઉપદેશ આપ્યો છે.

**જીવ ઈશ્વરતણો રે, માયા કાળ પુરુષ પ્રધાન,**
**સહુને વશ કરું રે, સહુનો પ્રેરક હું ભગવાન.**
**અગણિત વિશ્વની રે, ઉત્પતિ પાલન પ્રલય થાય,**
**મારી મરજી વિના રે, કોઈથી તરણું નવ તોડાય.**
**એમ મુને જાણજો રે, મારાં આશ્રિત સૌ નરનારી.**
**મેંતો તમ આગળે રે, વાર્તા સત્ય કહી છે મારી.**

શ્રીજીમહારાજના આશ્રિતને એક માત્ર પોતાના ઈષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણનું જ કર્તાપણું રહેવું જોઈએ. મારા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાન સિવાય અનંત કોટી બ્રહ્માંડમાં કોઈ સૂકું પાંદડું પણ હલાવવાને શક્તિમાન નથી. તો કાળ, કર્મ, માયા કે અન્ય અવતારોનો મારે ભાર શાનો ? આવો કેફ અને બળ રાખી એકમાત્ર શ્રીજી મહારાજને જ કર્તુમ, અકર્તુમ, અન્યથા કર્તુમ્ સમજાય ત્યારે દૃઢ આશરો કર્યો કહેવાય.

**સ્વરૂપનિષ્ઠા** : સ્વરૂપનિષ્ઠા એટલે પોતાના ઈષ્ટદેવને વિષે દૃઢ નિષ્ઠા. સ્વરૂપનિષ્ઠા એટલે શ્રીજી મહારાજના સ્વરૂપને વિષે ભગવાનપણાની એવી નિષ્ઠા કે જેવી નિષ્ઠા અન્ય કોઈને વિષે થાય જ નહિ. અર્થાત્ અનંતકોટિ બ્રહ્માંડમાં સ્વામિનારાયણ ભગવાન સિવાય બીજા કોઈ સનાતન ભગવાન નથી. આ સનાતન ભગવાનનું જ ધ્યાન થાય, એનું જ ભજન થાય અને એમની જ ઉપાસના થાય. આવી જે શ્રીજી મહારાજના સ્વરૂપને વિષે અચળ નિષ્ઠા એને કહેવાય સ્વરૂપ નિષ્ઠા.

**ઉપાસના** : ઉપાસના એ સંધિયુક્ત શબ્દ છે. જેમાં બે શબ્દ છે. એક 'ઉપ' અર્થાત્ નજીક તથા બીજો 'આસન' જેનો સ્પષ્ટ અર્થ કરીએ તો પોતાના ઈષ્ટદેવ પાસેથી અતિ નિકટ, નજીકની શ્રેષ્ઠ પદવી-સ્થાન. જે પરમ એકાંતિક મુક્તની સ્થિતિ છે. ઉપાસનાનો વિશેષ અર્થ સમજીએ તો ભગવાન સ્વામિનારાયણના સ્વરૂપને અન્વય-વ્યતિરેકપણે જેમ છે તેમ ઓળખ્યા પછી ઉપાસકે ઉપાસ્ય સ્વરૂપને વિષે જોડાવવાનું છે. જેમાં ઉપાસ્ય સ્વરૂપને વિષે જોડાવવાની બે લટક છે. એક છે અનુલોમ અને બીજી છે પ્રતિલોમ. જેમાં પ્રતિલોમની લટકે ધ્યાન કરીને પોતાના ઈષ્ટદેવને વિષે રોમ રોમ પણે એકતા પામવી એજ ખરો ઉપાસનાનો મર્મ છે.

આમ, નિશ્ચય, આશરો, સ્વરૂપનિષ્ઠા અને ઉપાસના આ ચારેય બાબતો ક્રમશઃ છે. મુમુક્ષુ તથા ઉપાસક માત્ર એ સૌ પ્રથમ શ્રીજી મહારાજના સ્વરૂપનો નિશ્ચય દૃઢ કરવો જોઈએ તથા સાથે સાથે આશરો પણ દૃઢ રાખવો જોઈએ. આ બે દૃઢ કર્યા બાદ શ્રીજી મહારાજની સ્વરૂપ નિષ્ઠા દૃઢ કરી ઉપાસનાના માર્ગ દ્વારા અનાદિમુક્તની સ્થિતિ પામી મૂર્તિના સુખ ભોકતા થવું જોઈએ. એજ અધ્યાત્મમાર્ગનું પૂર્ણવિરામ છે. એજ સત્સંગનું ફળ છે.

### અક્ષરવાસ

સાપાવાડા (ઈડર દેશ) શ્રી સ્વામિનારાયણ મંદિરના વયોવૃદ્ધ સંત સ.ગુ. સ્વામી ચૈતન્યપ્રસાદદાસજી ગુરુ સ.ગુ. મહંત સ્વામી માધવપ્રસાદદાસજી તા. ૨૨-૨-૨૦૧૮ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી
(શ્રી સ્વા. મંદિર, જેતલપુર)

પ્ર. ૧ શ્રીહરિ વર્ણી વેશે વનવિચરણ દરમ્યાન નવલખા પર્વત ઉપર નવલાખ તપસ્વીઓને એક સાથે નવલાખ રૂપ ધારણ કરી કઈ સાલમાં મળ્યા હતા ?

પ્ર. ૨ સાધુને વિષે ક્યા ગુણ અખંડ રહે છે ને ક્યા ગુણ આવ્યા ગયા રહે છે ? - વચનામૃતમાં આ પ્રશ્ન કોણે પૂછ્યો છે.

પ્ર. ૩ ''સુંદર શ્રી ઘનશ્યામ કી મૂરતિ મન માની, શિર ધરી પાઘ શેખર બિચ શોભે, નિરખી બદન સુખધામ કી.... - આ કીર્તનની પૂર્તિ અંતિમ કડી સાથે કરશો.

પ્ર. ૪ ગામ કોઠાવીમાં પાટીદારની બાઈ રોટલા લઈ ખેતરે આપવા જતી હતી. રસ્તામાં શ્રીજીમહારાજે જમવા રોટલો માગ્યો. તેણે રોટલો આપ્યો પછી મહારાજે પ્રસન્ન થઈને માગવા કીધું ત્યારે બાઈએ શું માગ્યું ?

પ્ર. ૫ બુધેજના દરબાર હઠીભાઈ ના દીકરાના નામ શું હતા ?

પ્ર. ૬ યતિ તે કેને કહેવાય ?

પ્ર. ૭ લસ્કા દેખ્યા મેં નંદમહરકા, કહા રૂપ કહું રે કાનડકા....'' - આ સુંદર કીર્તનની રચના કોણે કરી છે ?

## ફેબ્રુઆરી-૨૦૧૮ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

**(૧)** જીવ-ઈશ્વર અને માયા તેના સ્વરૂપને જે રૂડી રીતે જાણવું તેને જ્ઞાન કહીએ - શિક્ષાપત્રી શ્લોક-૧૦૪. **(૨)** ''પોતાને બ્રહ્મરૂપ માનીને સ્વધર્માદિક અંગે યુક્ત જે, ભક્તિ તેણે યુક્ત થકો પરબ્રહ્મ એવા જે પુરુષોત્તમ તેનું ધ્યાન સ્મરણને ઉપાસના તેને કર્યા કરે ને દેહે કરીને જેટલા પરમેશ્વરે વર્તમાન કર્યા હોય તેમાં ફેર પડવા દે નહિ એવો હોય તે એકાંતિક ભક્ત જાણવો. - વ.ગ.મ.-૨૧. **(૩)** ચંપાબાઈ ! વેવારમાં નબળા પડ્યા છો તોય કહેતા નથી ને અમારામાં જોડાઈ રહ્યા છો, અમે તમારી સહાયે આવ્યા છીએ, કાલે સવારે તમે બેય દેર ને બોલાવજો. **(૪)** જે કોઈ શીરોપુરી જમાડે એમને ઘેર જવું છે. **(૫)** ચંદ્રમાં, બ્રહ્મા, વાસુદેવ, રુદ્ર. **(૬)** સ.ગુ. બ્રહ્માનંદ સ્વામી. **(૭)** સનક, સનંદન, સનાતન, સનતકુમાર.

૧ સાં.યો. ભારતીબા-મંજુબા (સ્વા.મંદિર હવેલી-કાલુપુર)
૨ ડાભી મફાજી સરદારજી (ડાંગરવા)
૩ ડાભી ઈશ્વરજી રામાજી (ડાંગરવા)
૪ સાં.યો. કંચનબા, હીરાબા, ભગવતીબા (ધ્રાંગધ્રા)
૫ અરવિંદાબેન ભાવસાર (ચાંદલોડીયા)
૬ વિણાબેન આર. ભાવસાર (નવરંગપુરા)
૭ ડૉ. અરૂણભાઈ ડી. પટેલ (રાણીપ)
૮ પટેલ ધર્મિષ્ઠાબેન આર. (રાજપુર)
૯ ઉષાબેન, શારદાબેન પટેલ (વાવોલ)
૧૦ મહેતા બંકીમચંદ્ર (રાણીપ)
૧૧ પટેલ લાલભાઈ એમ. (ગાંધીનગર)
૧૨ પટેલ મીનાબેન કમલેશભાઈ (કુહા)
૧૩ ભાવસાર કૃપા રતીશકુમાર (નવાવાડજ)
૧૪ લીલાબેન જોઈતારામ (ઝુલાસણ)
૧૫ જ્યોત્સનાબેન ગાંધી (સુરેન્દ્રનગર)
૧૬ પટેલ વિષ્ણુભાઈ (સીતાપુર)
૧૭ સાં.યો. બહેનો (વાવોલ)
૧૮ પ્રભાતસિંહ ડાભી (ડાંગરવા)
૧૯ રંજનબેન કાનજીભાઈ વસોયા (જશોદાનગર)
૨૦ જ્યોત્સનાબેન રાજુભાઈ પટેલ (આનંદપુરા)
૨૧ પટેલ ગંગાબેન ભક્તિભાઈ (ઝૂલાસણ)
૨૨ કંચનબેન બાબુભાઈ અડાલજા (રતનપર)
૨૩ ભાવસાર સુમિત્રાબેન એન. (વિસનગર)
૨૪ પટેલ રેખાબેન કીર્તિકુમાર (ઉંઝા)
૨૫ ભાવસાર ચંદુભાઈ (નવાવાડજ)
૨૬ ભાવસાર આશિષ દિલીપભાઈ
૨૭ પટેલ ઈલા પ્રવિણભાઈ (અંબાપુર)
૨૮ પટેલ સંગીતા મનોજભાઈ (અંબાપુર)
૨૯ પટેલ શારદાબેન હીરાભાઈ (અમદાવાદ)
૩૦ શા. પ્રેમપ્રકાશદાસજી (હિંમતનગર)
૩૧ પટેલ વંદનાબેન (રાણીપ)
૩૨ શારદાબેન રાવજીભાઈ પટેલ (સાબરમતી)
૩૩ લલીતાબેન રમણલાલ પટેલ (સાબરમતી)
૩૪ પટેલ શારદાબેન વિઠ્ઠલભાઈ (ડાંગરવા)
૩૫ પટેલ વલ્લભભાઈ શીવાભાઈ (સોજા)
૩૬ ભાવસાર મહેન્દ્રભાઈ (માણસા)
૩૭ શોભના કે. ઝોલાપરા
૩૮ પલ્લવી આર. સોની (સુરેન્દ્રનગર)
૩૯ પટેલ કૈલાસબેન (નાંદોલ)
૪૦ અંજનાબેન મનુભાઈ પટેલ (નાંદોલ)
૪૧ કોકીલાબેન મનુભાઈ પટેલ (નાંદોલ)
૪૨ સાં.યો. કોકીલાબા, ઉષાબા (સુરેન્દ્રનગર)
૪૩ વિનોદ પી. પટેલ (વહેલાલ)
૪૪ પટેલ વિઠ્ઠલભાઈ મગનદાસ
૪૫ મહિલા મંડળ (અંજલી-વાસણા)
૪૬ ઠક્કર રીટાબેન જયેશકુમાર (વસ્ત્રાપુર)
૪૭ સોની ઈલાબેન નરેન્દ્રકુમાર (ઘાટલોડીયા)

# સત્સંગ સમાચાર

### અમદાવાદ મંદિર પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવનો ૧૯૬ મો પાટોત્સવ ઉજવાયો

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી તેમજ કાલુપુર મંદિરના પૂ. મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી અ.નિ. પ.ભ. કાલીદાસભાઈ લલ્લુભાઈ પટેલ, અ.નિ. હિરાબેન કાલીદાસભાઈ પટેલ (ગુલાબપુરા હાલ અમદાવાદ) પરિવારના પ.ભ. ઘનશ્યામભાઈ કાલીદાસભાઈ પટેલ, ધ.પ. સવિતાબેન ઘનશ્યામભાઈ પટેલ, ચિ. હરિકૃષ્ણભાઈ અને ચિ. અંબરિષભાઈ પટેલ ના યજમાન પદે શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વયં બાથમાં લઈ પધરાવેલા સ્વસ્વરૂપ પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવનો ૧૯૬ મો પાટોત્સવ ફાગણ સુદ-૩ ત્રીજના રોજ ભવ્યતાથી ઉજવાયો.

ફાગણ સુદ-૩ ત્રીજ તા. ૧૮-૨-૧૮ રવિવારના સવારે ૭-૦૦ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ભરતખંડના રાજાધિરાજ પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવ આદિ દેવોનો ષોડશોપચાર મહાભિષેક વેદોક્ત વિધિથી ધામધૂમથી સંપન્ન થયો.

પાટોત્સવ પ્રસંગના ઉપલક્ષમાં શ્રી વાસુદેવ માહાત્મ્ય ત્રિદિનાત્મક કથા સંપ્રદાયના મૂર્ધન્ય વિદ્વાન કથાકાર પૂ. સંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના વક્તાપદે અને અ.નિ. રાધાબાઈ મનજી ગોરસીયા, પિતાશ્રી નાનજી વિશ્રામ ગોરસીયા સુત ગોપાલ નાનજી ગોરસીયા, રવજી નાનજી ગોરસીયા (સુખપર-કચ્છ) પરિવારના યજમાન પદે સુંદર રીતે સંપન્ન થઈ હતી.

આજના અલૌકિક દિને સમગ્ર ધર્મકુળના સંકલ્પથી નિરધાર મા-બાપ કુટુંબ પરિવાર વગરના અનાથ બાળકો માટે આપણા જ કાલુપુર મંદિરના અક્ષરભુવન સામેના સંકુલમાં ‘‘આંગન’’નું પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી અને પ.પૂ. શ્રીરાજાના વરદ્ હસ્તે ભૂમિપૂજન ખાતમુહૂર્ત વિધિવત રીતે સંપન્ન થયું.

પ્રાસંગિક સભામાં પાટોત્સવ અને કથાના યજમાનશ્રીઓએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પૂજન અર્ચન કરી આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા. પૂ. મહંત સ્વામીએ પ્રાસંગિક ઉદ્બોધન કરી સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. સભામાં શ્રીનરનારાયણદેવના પૂજારી સ.ગુ. બ્ર. સ્વામી મુકુન્દાનંદજી દ્વારા ગવાયેલ નંદસંતો રચિત કીર્તન સરિતા સીડીનું સમગ્ર ધર્મકુળના વરદ્ હસ્તે વિમોચન થયું હતું.

છેલ્લે પ.પૂ. મોટા મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવીને શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ પધાર્યા હતા. ત્યારબાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવતા સ્વયં ‘‘આંગન’ માં સ્વેચ્છાએ સેવા કરનારાના નામ બોલીને ધન્યવાદ પાઠવતા અને સૌને આનંદ ઉત્સાહ વધે તેમ હાસ્ય પણ કરતા હતા. સભા સંચાલન સ.ગુ. શા. સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર)એ સુંદર રીતે કર્યું હતું. પાટોત્સવના આગલા દિવસે એટલે કે ફાગણ સુદ-૨ ના યજમાન પરિવારના સૌ ભક્તોએ શ્રીહરિયાગ-માહાપૂજામાં બેસીને મહાલાભ લીધો હતો. શ્રીનરનારાયણદેવના પાટોત્સવના દર્શન હજારો હરિભક્તોએ કરી ધન્ય ધન્ય બન્યા હતા. સમગ્ર પાટોત્સવમાં પૂ. હરિચરણ સ્વામી (કલોલ), ભંડારી જે.પી. સ્વામી, કોઠારી જે.કે. સ્વામી યોગી સ્વામી, ભક્તિ સ્વામી, નટુ સ્વામી આદિ સંત મંડળ અને શ્રીનરનારાયણદેવ યુવક મંડળ અને બહેનો-ભાઈઓ હરિભક્તોની સેવા પ્રેરણારૂપ હતી.

(કોઠારી શા.સ્વા. નારાયણમુનિદાસ)

### શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં શ્રી નરનારાયણદેવ જયંતી ફુલદોલોત્સવ

સર્વાવતારી શ્રીહરિએ આપણા સંપ્રદાયમાં ઉત્સવોની પરંપરા એવી ચલાવી છે જે આ બ્રહ્માંડ રહે ત્યાં સુધી અવિરત ચાલશે.

ફાગણ સુદ-૨ તા. ૩-૩-૨૦૧૮ શનિવારના ભરતખંડના રાજાધિરાજ શ્રી નરનારાયણદેવ જયંતી-ફુલ દોલોત્સવ શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર પ્રસાદીના ચોકમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના શુભ કરકમળ વડે ભવ્યતાથી ઉજવાયો.

હજારો હરિભક્તોએ ફુલ દોલોત્સવના દર્શન કરી ધન્ય ધન્ય બન્યા હતા. આ પ્રસંગના યજમાન પૂ. મહંત સ.ગુ. શા.સ્વામી હરિકૃષ્ણદાસજીની પ્રેરણાથી મુંબઈના અ.નિ. પ.ભ. અનંતરાયભાઈ ધોળકિયા, ગં.સ્વ. રંજનબેન ધોળકિયા અને તેમના ચિ. સુપુત્રો ડૉ. હિમાંશુભાઈ, શ્રી જ્ઞાનેશભાઈ, શ્રી પ્રશાંતભાઈ અને શ્રી અર્પૂવભાઈ અને તેમના બહેન હર્ષાબેન આદિએ યજમાન બની મહા લાભ લીધો હતો. સમગ્ર પ્રસંગમાં ભંડારી જે.પી. સ્વામી, કોઠારી જે.કે. સ્વામી, યોગી સ્વામી, નટુ સ્વામી, ભક્તિ સ્વામી આદિ સંત પાર્ષદ મંડળે સુંદર સેવા બજાવી હતી. (કો. શા. નારાયણમુનિ સ્વામી)

### કાલુપુર મંદિરમાં શ્રી નરનારાયણદેવને રત્નો જડિત સુવર્ણ મુગુટ અર્પણ વિધિ મહોત્સવ

સર્વોપરી ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તેમજ પૂ. સ.ગુ. મહંત શા.

સ્વા. હરિકૃષ્ણદાસજીની પ્રેરણાથી અ.નિ. પારેખ જસવંતલાલ વિ., અ.નિ. જયાબેન જસવંતલાલ પારેખ પરિવારના શ્રી ચંદ્રેશભાઈ પારેખ અ.સૌ. ભાવના ચંદ્રેશ પારેખ, ચિ. વિવેક સી. પારેખ, પ્રિયંક વિવેક પારેખ, માનસી ચંદ્રેશ પારેખ, સ્મિતા મહેન્દ્રભાઈ પારેખ, મમતા ભદ્રેશભાઈ પારેખ, ફાલ્ગુની નિલેશભાઈ પારેખ આદિ પરિવાર તરફથી પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવને રત્નોજડિત સુવર્ણમુગુટ, વાઘા, છપ્પન ભોગ આદિ તા. ૩-૩-૨૦૧૮ ને શનિવારના રોજ અર્પણ વિધિ કાર્યક્રમ કાલુપુર મંદિર પ્રસાદીના સભા મંડપમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ નિશ્રામાં સંપન્ન થયો. આ પ્રસંગે ધામો ધામથી સંતો ઉપસ્થિત રહ્યા હતા. પૂ. મહંત સ્વામીએ યજમાન પરિવારની અદ્‌ભુત સેવાની સુંદર પ્રસંશા કરી હતી. ત્યારબાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ યજમાન પરિવારની સેવાને બિરદાવી રૂડા આશીર્વાદ આપ્યા હતા. પૂ. મહંત સ્વામીના સમગ્ર સંત મંડળે ખડે પગે સેવા કરી હતી. (કો. શા. નારાયણમુનિ સ્વામી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર જામફળવાડી (રામોલ પંચાબ્દી મહોત્સવ પાટોત્સવ પારાયણ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા ગાંધીનગર-નારણઘાટ મંદિરના પૂ. મહંત શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર જામફળવાડી (રામોલ) પંચાબ્દી મહોત્સવ અંતર્ગત શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ રાત્રીય પારાયણ સ.ગુ. શા. સ્વામી ચૈતન્યસ્વરૂપદાસજી (ગાંધીનગર)ના વક્તાપદે તા. ૨૫-૧-૧૮ થી તા. ૩૦-૧-૧૮ પર્યન્ત સંપન્ન થઈ.

આ પ્રસંગના ઉપલક્ષમાં ભવ્ય પોથીયાત્રા શ્રીકૃષ્ણ જન્મોત્સવ, સત્સંગ ડાયરો, મહાપૂજા, ઠાકોરજીને અભિષેક, અન્નકૂટ દર્શન, ધર્મકુળ દર્શન અને સંતોની પ્રેરકવાણી ધામધૂમપૂર્વક સંપન્ન થયા. આ પ્રસંગમાં અનેક નામી અનામી હરિભક્તોએ તન, મન અને ધનથી સેવા કરી હતી. ધામોધામથી અનેક સંતો, મહંતો પધાર્યા હતા.

તા. ૩૦-૧-૧૮ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો અભિષેક-અન્નકૂટ આરતી વિધિવત રીતે થયા હતા. ત્યારબાદ તમામ સંત-હરિભક્તોને રૂડા આશીર્વાદ પાઠવી ખૂબજ રાજી થયા હતા. પ્રસંગ દરમ્યાન વ્યાખાન માળામાં સ.ગુ. શા. સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર)એ પોતાની ભાવવાહી સુંદર શૈલીમાં શ્રીહરિનું સર્વોપરીપણું સમજાવ્યું હતું. સભા સંચાલકની સુંદર સેવા સ.ગુ. કોઠારી શા.સ્વા. નારાયણમુનિદાસજી (કાલુપુર) અને નારણઘાટના સ.ગુ. મહંત શા.સ્વા. દિવ્યપ્રકાશદાસજીએ શોભાવી હતી. હજારો મુમુક્ષુઓએ દેવ દર્શન, કથા શ્રવણ, ધર્મકુળ દર્શન કરી મહાપ્રસાદ ગ્રહણ કરી મહાભાગ્યવાન બન્યા હતા. (કોઠારીશ્રી, જામફળવાડી મંદિર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર વિહાર (ભાઈઓ-બહેનોનું) ૧૧ મો પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શા.પી.પી. સ્વામી (ગાંધીનગર-નારણઘાટ) અને પૂ. કૈલાશબા અને પૂ. મંજુલાબાની પ્રેરણા માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર વિહાર (ભાઈઓ-બહેનોનું) નો ૧૧ મો વાર્ષિક પાટોત્સવ તા. ૭-૨-૧૮ ના રોજ વિધિવત રીતે સંપન્ન થયો. જેના યજમાન પ.ભ. અંબાલાલ રામદાસ પટેલ, અ.સૌ. હિરાબેન અંબાલાલ પટેલ, પુત્ર જગદીશભાઈ આદિ રહ્યાં હતા. તથા અ.નિ. રામાભાઈ શિવરામદાસ પટેલ મુખી અને સર્વે હરિભક્તોના તન, મન અને ધનના સહકારથી પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો - પાટોત્સવના ઉપલક્ષમાં તા. ૩૦-૧-૧૮ થી તા. ૫-૨-૧૮ પર્યન્ત શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ સ.ગુ. શા. સ્વામી કુંજવિહારીદાસજીના વક્તાપદે થઈ હતી. આ પ્રસંગે પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપગાદીવાળાશ્રી ખાસ પધાર્યા હતા અને મંદિરમાં ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારીને બહેનોને રૂડા આશીર્વાદ આપી ખૂબજ રાજી થયા હતા. ધામોધામથી પૂ. સંતો અને પૂ. મહંતશ્રી પધાર્યા હતા. સમસ્ત ગામના ભક્તોએ મહા લાભ પ્રાપ્ત કરી ધન્યતા અનુભવી હતી.

(શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી - ગાંધીનગર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ધરમપુર (ભુંડીયા) મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા**

પરમકૃપાળુ સર્વ અવતારના અવતારી ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પૂર્ણ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી ધરમપુર (ભુંડીયા) ગામમાં નૂતન ભવ્ય શ્રી સ્વામિનારાયણ મંદિરનું નિર્માણ પૂ. સ.ગુ. મહંત શા.સ્વા. પી.પી. સ્વામી (ગાંધીનગર-નારણઘાટ) અને સ્વા. હરિપ્રકાશદાસજી ગુરુ અ.નિ. સ.ગુ. સ્વા. નારાયણમુનિદાસજીએ ગામના હરિભક્તોના સાથ સહકારથી કરાવ્યું. મંદિર નિર્માણ પૂર્ણ થતા તા. ૭-૨-૧૮ થી ૯-૨-૧૮ પર્યન્ત મૂર્તિ પ્રતિષ્ઠાનું સુંદર આયોજન સંપન્ન થયું. આ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૭-૨-૧૮ થી તા. ૯-૨-૧૮ દરમ્યાન શ્રીમદ્ ભાગવત ત્રિદિનાત્મક કથા સ.ગુ. શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી (ગાંધીનગર)ના વક્તાપદે સંપન્ન થઈ. આપણા કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરથી પણ પ.પૂ. મહારાજશ્રીની આજ્ઞાથી આર્થિક સહયોગ કરવામાં આવેલ. નાના મોટા ગામના સૌ ભક્તોએ તન, મન અને ધનથી સેવા કરી હતી. તા. ૯-૨-૧૮ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે નૂતન મંદિરમાં વેદોક્ત વિધિથી ઠાકોરજીની પ્રાણ પ્રતિષ્ઠા સંપન્ન થઈ હતી. પ.પૂ. મહારાજશ્રીએ સભામાં રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

બહેનોને દર્શન આશીર્વાદ આપવા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પધાર્યા હતા. ધામોધામથી સંતો-મહંતો પધાર્યા હતા. કાલુપુર મંદિરના પૂ. મહંત સ.ગુ. શા. સ્વામી

હરિકૃષ્ણદાસજીના વરદ્ હસ્તે દાતાઓનું સુંદર સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર ગામે અલૌકિક મહા લાભ લઈ જીવન કૃતાર્થ કર્યું હતું. (કોઠારીશ્રી, ધરમપુર ભુંડીયા)

**નવા નિકોલમાં શાકોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા પૂ. સ.ગુ. મહંત શા. પી.પી. સ્વામી (ગાંધીનગર-નારણઘાટ)ની પ્રેરણાથી તથા શ્રી નરનારાયણદેવ આશ્રિત સત્સંગ મંડળ તથા સમસ્ત સત્સંગ સમાજ નવા નિકોલના સુંદર આયોજનથી તા. ૧૦-૨-૧૮ ને શનિવારના ભવ્ય શાકોત્સવ ઉજવાયો. આ પ્રસંગે કાલુપુર મંદિરના પૂ. સ.ગુ. મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી આદિ સંતો પધાર્યા હતા. સૌ પ્રથમ ધૂન-કીર્તન કથા આદિ થયા હતા. ત્યારબાદ પૂજન સંતોના વરદ્ હસ્તે શાકોત્સવનો અલૌકિક વઘાર સંપન્ન થયો હતો. અનેક હરિભક્તોએ તન, મન અને ધનથી સુંદર સેવા કરીને મહા અલૌકિક લાભ લીધો હતો. સભા સંચાલન સ.ગુ.શા. સ્વામી ચૈતન્યસ્વરૂપદાસજી (ગાંધીનગર)એ શોભાવ્યું હતું.

(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ નવા નિકોલ)

**પ્રસાદીભૂત શ્રી સ્વામિનારાયણ મંદિર મોટેરા ૨૮ મો વાર્ષિક પાટોત્સવ ઉજવાયો**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા પૂ. સ.ગુ. મહંત શા. પી.પી. સ્વામી (ગાંધીનગર-નારણઘાટ)ની પ્રેરણા માર્ગદર્શનથી શ્રીહરિ પ્રસાદીભૂત શ્રી સ્વામિનારાયણ મંદિર મોટેરાનો ૨૮ મો વાર્ષિક પાટોત્સવ તા. ૨૦-૨-૧૮ ના રોજ વિધિવત રીતે ઉજવાયો. પ.ભ. હર્ષદભાઈ ડાહ્યાભાઈ પટેલ પરિવારે યજમાન બની મહા લાભ લીધો હતો. પાટોત્સવના દિને સવારે ધજાની નગરયાત્રા, ધજાપૂજન, ઠાકોરજીને અભિષેક, સંતોની પ્રેરક અમૃતવાણી આદિ કાર્યક્રમ થયા હતા. શ્રી નરનારાયણદેવ યુવક-મહિલા મંડળે પ્રેરણારૂપ સેવા બજાવી હતી. ગામના સમગ્ર હરિભક્તોએ સુંદર લાભ લીધો હતો. સમગ્ર પ્રસંગનું સભા સંચાલન સ.ગુ. શા. સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજીએ શોભાવ્યું હતું. (કોઠારીશ્રી - મોટેરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર મહેસાણા ૯ મો પાટોત્સવ**

પરબ્રહ્મ પરમાત્મા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. પૂ. મહંત શા.સ્વા. આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ.પૂ. શા. પી.પી. સ્વામી (જેતલપુર)ની પ્રેરણાથી તથા મહેસાણા મંદિરના મહંત સ.ગુ. શા. સ્વામી ઉત્તમપ્રિયદાસજી તથા સ.ગુ. સ્વામી નારાયણપ્રસાદદાસજીના સુંદર આયોજનથી શ્રી સ્વામિનારાયણ મંદિર મહેસાણાનો ૯ મો પાટોત્સવ તા. ૨-૨-૧૮ ના રોજ વિધિવત રીતે ઉજવાયો.

પાટોત્સવના ઉપલક્ષમાં અખંડ ધૂન, સત્સંગ સભા, વિષ્ણુયાગ આદિ ધામધૂમથી સંપન્ન થયા હતા.

પ્રાતઃ ઠાકોરજીનું ષોડશોપચાર પૂજન-મહાભિષેક વિધિવત રીતે થયા હતા. ત્યારબાદ છપ્પન ભોગ અન્નકૂટ અને સત્સંગ સભા થઈ હતી. જેમાં સંતો દ્વારા યજમાનશ્રી પ.ભ. અશ્વિનભાઈ યાજ્ઞિક (સી.એ.) પરિવારનું સન્માન કરવામાં આવ્યું હતું. યજમાનો દ્વારા સંતોનું પૂજન કરવામાં આવ્યું હતું.

પ્રાસંગિક સભામાં પૂ. પી.પી. સ્વામી અને ધામોધામથી પધારેલા સંતોએ આશીર્વાદ પાઠવ્યા હતા. જેમાં જેતલપુર, કલોલ, કાલુપુર, અંજલી, લાલોડા, મૂળી, સાયલા, બીલીયા, નારણપુરા આદિ ધામોથી સંતો પધાર્યા હતા.

અંતમાં મહાવિષ્ણુયાગની પૂર્ણાહુતિ બાદ સૌ ભક્તોએ પ્રસાદ ગ્રહણ કરી ધન્ય ધન્ય બન્યા હતા.

(હિતેન્દ્રસિંહ રાઓલ મહેસાણા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કુબડથલ ૧૨ મો પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા જેતલપુરધામના પૂજ્ય મહંત સ.ગુ. શા.સ્વા. આત્મપ્રકાશદાસજી તથા પૂ. શા.પી.પી. સ્વામીની પ્રેરણાથી તથા જેતલપુર મંદિરના વ્યવહાર કુશળ પૂ. મહંતશ્રી કે.પી. સ્વામીના સુંદર આયોજનથી શ્રી સ્વામિનારાયણ મંદિર કુબડથલનો ૧૨ મો પાટોત્સવ તા. ૧૦-૨-૧૮ ના રોજ વિધિવતરીતે ઉજવાયો.

પાટોત્સવના યજમાન પ.ભ. હસમુખભાઈ અંબાલાલભાઈ પટેલ (કુબડથલ અમૃતરસ ધારા) પરિવાર રહ્યાં હતાં.

સવારે મહાપૂજા, ઠાકોરજીની ષોડશોપચાર પૂજા, આદિ યજમાન પરિવાર દ્વારા થયા હતા. પૂ. મહંત શા. સ્વામી આત્મપ્રકાશદાસજી અને સંતોના વરદ્ હસ્તે ઠાકોરજીનો અભિષેક અને અન્નકૂટ આરતી થઈ હતી.

પ્રાસંગિક સભામાં ધામોધામના સંતોમાં જેતલપુર, અંજલી, કાલુપુર, મૂળી, મકનસર આદિ સંતોનું યજમાન પરિવારે પૂજન કર્યું હતું. સંતો દ્વારા યજમાનશ્રી-આમંત્રિત મહેમાનોનું સન્માન કરવામાં આવ્યું હતું. યુવાનોએ પ્રેરણારૂપ સેવા બજાવી હતી. (બ્ર. કે.પી. સ્વામી - જેતલપુર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ભાઉપુરા દશાબ્દી મહોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા જેતલપુરધામના પૂ. સ.ગુ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજી તથા પૂ. શા. પી.પી. સ્વામીના માર્ગ દર્શન-પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર ભાઉપુરાનો દશાબ્દી મહોત્સવ તા. ૨-૨-૧૮ થી તા. ૪-૨-૧૮ પર્યન્ત વિધિવત રીતે ઉજવાયો.

આ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૨-૨-૧૮ થી તા. ૪-૨-૧૮ પર્યન્ત શ્રી ઘનશ્યામ લીલામૃત ગ્રંથની ત્રિદિનાત્મક કથા શા. સ્વામી ભક્તિનંદનદાસજીના વક્તાપદે સમગ્ર ગ્રામજનોએ કથા શ્રવણનું અલૌકિક પાન કર્યું હતું.

કથા પ્રારંભમાં પ્રથમ દિને ભવ્ય પોથીયાત્રા નીકળી હતી.

ત્યારબાદ મંગલદિપ પ્રાગટ્ય મૂળી મંદિરના ટ્રસ્ટી શ્રી શા. સ્વા. નારાયણપ્રસાદદાસજી, સ્વામી પ્રેમસ્વરૂપદાસજી, રામ સ્વામી, હરિદ્વારના સન્યાસી વિજયાનંદસરસ્વતીજી આદિએ કર્યું હતું. શા. સ્વા. નારાયણસ્વરૂપદાસજીના મંગલ પ્રવચન બાદ કથા પ્રારંભ થયો હતો. કથામાં શ્રી ઘનશ્યામ જન્મોત્સવ ધામધૂમથી ઉજવ્યો હતો. બીજા દિવસે ઠાકોરજીની નગરયાત્રા શ્રી નરનારાયણદેવ યુવક મંડળના સુંદર આયોજનથી ગામમાં ફરીને મંદિર પરત આવી હતી.

આ પ્રસંગે ત્રિદિનાત્મક મહાવિષ્ણુયાગનું પણ આયોજન થયું હતું. બહેનોને દર્શન આશીર્વાદ આપવા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પણ પધાર્યા હતા.

તા. ૪-૨-૧૮ ના રોજ સવારે ઠાકોરજીનો અભિષેક, પૂજન આરતી પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે સંપન્ન થયા હતા. ધર્મકુળના યજમાનો દ્વારા ધર્મકુળ પૂજન અને સંતોનું પણ પૂજન થયું હતું. શ્રી નરનારાયણદેવ યુવક મંડળે પ.પૂ. લાલજી મહારાજશ્રી સાથે ગૃપ ફોટોગ્રાફી પડાવીને જીવનની ધન્યતા અનુભવી હતી.

સમસ્ત સભાને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. પ.પૂ. શા. પી.પી. સ્વામીએ પણ સુંદર આશીર્વાદ આપ્યા હતા. ધામોધામના સંતો પૈકી જેતલપુર, અર્જલી, મકનસર, કલોલ, મહેસાણા અને જમીયતપુરાથી પધાર્યા હતા. સમગ્ર ઉત્સવમાં સભા સંચાલન મહંત સ્વામી વિશ્વપ્રકાશદાસજી (અંજલી) અને શા. સ્વા. હરિપ્રકાશદાસજીએ (મકનસર) કર્યું હતું. સંહિતા પાઠમાં શા. ઉત્તમપ્રિય સ્વામી (મહેસાણા) વિરાજ્યા હતા. સમગ્ર ઉત્સવમાં સુંદર માર્ગદર્શન વ્યવહારકુશળ જેતલપુર મંદિરના પૂ. મહંત કે.પી. સ્વામીનું રહ્યું હતું. યુવક મંડળની સેવા પ્રેરણારૂપ હતી. હજારો ભક્તોએ દર્શન કરી પ્રસાદ ગ્રહણ કરી ધન્યતા અનુભવી હતી. (કોઠારીશ્રી, ભાઉપુરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર હેબતપુર પ્રથમ પાટોત્સવ**

પરમકૃપાળુ સર્વોપરી શ્રીહરિની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી એવં સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા જેતલપુરધામના પૂ. સ.ગુ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજી તથા પૂ. શા. પી.પી. સ્વામીના માર્ગ દર્શન-પ્રેરણાથી શ્રીહરિ સમકાલીન નંદ સંત સ.ગુ. પૂર્ણાનંદ સ્વામીના જન્મ ભૂમિ હેબતપુર ગામમાં એક વર્ષ પહેલા પૂ. શા. પી.પી. સ્વામી દ્વારા મંદિરનું નિર્માણ થયું હતું. જેને ૧ વર્ષ પૂર્ણ થતા પ્રથમ વાર્ષિક પાટોત્સવ તા. ૧૭-૧-૧૮ ના રોજ ધામધૂમથી ઉજવાયો.

સૌ પ્રથમ નિજ મંદિરમાં બિરાજમાન ઠાકોરજીનું પૂજન-અર્ચન, અભિષેક સંતો દ્વારા થયું હતું.

સભામાં સ.ગુ. પૂર્ણાનંદ સ્વામીની તસવીરનું અને સ્વામી જે સરોદો વગાડી કીર્તનનું ગાન કરતા અને શ્રીહરિને રાજી કરતા તેનું પણ પૂજન વિધિવત રીતે સંત-હરિભક્તોએ કર્યું હતું. પ્રાસંગિક સભામાં પૂ. પી.પી. સ્વામીએ પૂ. પૂર્ણાનંદ સ્વામીના સુંદર પ્રસંગોને યાદ કરી આશીર્વાદ આપ્યા હતા. ગામના ચારણ ભક્તોએ સુંદર લાભ લઈ પ્રસાદ ગ્રહણ કરી ધન્ય બન્યા હતા. (શા. ભક્તિનંદનદાસ -અંજલી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર નવાગામ (કપડવંજ) શાકોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી એવં સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા જેતલપુરધામના પૂ. સ.ગુ. મહંત શા. સ્વામી આત્મપ્રકાશદાસજી તથા પૂ. શા. પી.પી. સ્વામીના માર્ગ દર્શન-પ્રેરણાથી તથા મહંત સ્વામી વિશ્વપ્રકાશદાસજી (અંજલી)ના માર્ગદર્શનથી ૧૭ જાન્યુઆરીના નવા ગામે ભવ્ય શાકોત્સવ ઉજવાયો.

આ પ્રસંગે પૂ. શા.પી.પી. સ્વામી, સંત મંડળ (જેતલપુર) મહંત સ્વામી વી.પી. સ્વામી (અંજલી) અને મહંત શા. હરિપ્રકાશદાસજી (મકનસર) આદિ સંતો દ્વારા સુંદર શાકોત્સવ સંપન્ન થયો.

